Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: અંક ૪ થો

સંવત ૧૯૯૩ :: અશાડ :: વીર સંવત ૨૪૬૩

પ્રકટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ ભેટની બુક સહિત પોસ્ટેજ ચાર આના.

પુસ્તક ૫૩ મું. } અશાડ { વીર સં. ૨૪૬૩
અંક ૪ થો. } { વિક્રમ સં. ૧૯૯૩

## अनुक्रमणिका

૧ આચાર્ય ગુણ-પદ્ય ... ... ... ... ( મુનિ વિદ્યાવિજય ) ૧૦૭
૨ કહો તમે શું કરવાના ? ... ... ( અનુવાદક મુનિ પ્રેમવિમલ ) ૧૦૮
૩ શ્રી સરસ્વતિ સ્તુતિ-સંસ્કૃત સાર્થ ... ... ... ( મુનિ બાલચંદ્ર ) ૧૦૯
૪ સૂક્તમુક્તાવલી : સિંદૂરપ્રકર : ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૧૧૦
૫ સન્માર્ગદર્શક અને વૈરાગ્યસૂચક ઉપદેશસાર ... ... ( સ. ક. વિ. ) ૧૧૭
૬ મૂળ ( મોક્ષ ) માર્ગ રહસ્યપદ્ય-ગદ્યાત્મક ... ... ( સ. ક. વિ. ) ૧૧૯
૭ આત્મતત્ત્વ ... ... ... ... ...( એક મુમુક્ષુ મુનિ ) ૧૨૦
૮ વ્યવહાર કૌશલ્ય [ ૯૬-૯૭-૯૮ ] ... ... ...( મૌક્તિક ) ૧૨૬
૯ રેશમનું કારખાનું ... ... ... ... ... ( સુશીલ ) ૧૨૯
૧૦ અજ્ઞાનનું પ્રાબલ્ય ... ... ... ... ... ( કુંવરજી ) ૧૩૦
૧૧ પ્રશ્નોત્તર... ... ... ... ... ( પ્રશ્નકાર મુનિ પ્રેમવિમલ ) ૧૩૧
૧૨ સુભાષિત રત્નમાળા ... ... ... ( રાજપાળ મગનલાલ બહોરા ) ૧૩૬
૧૩ પ્રભાવિક પુરુષો-અંતિમ રાજર્ષિ ઉદયન ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૩૯
૧૪ પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ... ... ૧૪૩
૧૫ સમસ્યા ધન વિષે, કેવળજ્ઞાનના પર્યાય અને તપગચ્છના તેર બેસણા

## સભાસદોને સૂચના

બહારગામના લાઇફમેમ્બરોમાંથી કેટલાએક બંધુઓ પોસ્ટેજ મોકલીને ભેટની બુકો મંગાવવાનું વારંવાર લખ્યા છતાં એકંદર ૧૧ બુકો પોસ્ટેજના ૧૧ આના મોકલીને મંગાવતા નથી. તેમને વેલ્યુ કરીને મોકલતાં પાંચ આના વધારે ખર્ચ લાગશે તેથી હવે પ્રમાદ તજી મંગાવવા તસ્દી લેશો.

## નવા ચૈત્રી જૈન પંચાંગ

કાયમ પ્રમાણે જોધપુરી શ્રીધર શિવલાલના ચંડુ પંચાંગ અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. ખરીદનાર માટે કિંમત અરધો આનો. સો નકલના રૂા. ૨)

અમારા છપાવેલા કાર્તિકી જૈન પંચાંગ પોસ્ટેજ મોકલનારને મફત મોકલશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૩ મું | અશાડ | અંક ૪ થો
વિ. સં. ૧૯૯૩ | | વીર સં. ૨૪૬૩

## आचार्य–गुण

हिंसा नहीं किसी की करते, रखते सब पर दया महान्।
राग–द्वेष जिन का न किसीसे, समझे जग को आत्म समान ॥ १ ॥
ब्रह्मचर्य नव गुप्ति सुपालक, इन्द्रियों पर जिनका अधिकार।
ज्ञान ध्यान अनुशीलन पर जो, रखते है सम्यक्त्व विचार ॥ २ ॥
चार कषाय विजैता नित जो, किसी बात का जिन्हे न मान।
सदा सर्वदा आदर पाते, बनते है जीनसें गुणवान ॥ ३ ॥
तीन गुप्ति के धारक संतत, जिन्हे सताता कभी न लोभ।
दुःखमय होने पर भी जग यह, दे सकता है जिन्हे न क्षोभ ॥ ४ ॥
पंच महाव्रत के प्रतिपालक, पंच समितिसे जो संयुक्त।
शास्त्र नियम पर चल करके जो, बने हुए है जीवनमुक्त ॥ ५ ॥
पंचाचारी सद्व्यवहारी, करते है जगका उपकार।
हृदय वचन कायासे जीनने, दिये सभी कर्मों को जार ॥ ६ ॥
सत्य धर्मको फैलाते है, सत्य बातसे रखकर नेह।
तीर्थंकरके निर्मित पथ पर, जो न कभी करते संदेह ॥ ७ ॥
दुःखी देख औरोंको उनका, होता मन नवनीत पुनीत।
किन्तु कालसें भी अपने जो, नहीं कभी होते भयभीत ॥ ८ ॥
हर्ष नहीं जीनका जीनको, नहीं कभी मरनेका खेद।
जीवन और मृत्युका जीनने, जान लिया है सारा भेद ॥ ९ ॥
जो ऐसे पावन पदधारी, अनुपम है आचार्य महान्।
पदपंकज में शीश झुकाता, उनके विद्याविजय निदान ॥ १० ॥

लक्ष्मणी जैन तीर्थ: मुनि विद्याविजय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કહો તમે શું કરવાના ?

( રાગ લાવણી-બેરવામા )

શા કારણે સંતાપ તજીને, સંકટ સહી પરદેશ ફરો,
 બનો મજૂરો માયાકેરા, મારું મારું કરી મરો;
નથી તેમાં તિલભાર તમારું, સહુ મૂકીને મરવાના,
 કર્મરાજાની રાજસભામાં, કહો તમે શું કરવાના ? ૧

ક્રોડ કરી કાળાં કૃત્યો ધન, ક્રોડ તમે ભેગું કીધું,
 નહિં ખાધું નહિં ખવરાવ્યું, વળી ન ઈશ્વરઅર્થે દીધું;
જેમ હશે એમ જ તે રહેશે, વાટે તમે વિચરવાના,
 કર્મરાજાની રાજસભામાં, કહો તમે શું કરવાના ? ૨

જુલ્મ કરો છો જાલીમ બનાને, રૈયત ઉપર રોજ તમે,
 ગર્વમાંહિ બનીઆ છો ગાંડાં, ગુરુ દેવ તો નહિં ગમે,
ફાંફાં મારી ફોજદાર પણ, ફજેત થઇ થઈ ફરવાના,
 કર્મરાજાની રાજસભામાં, કહો તમે શું કરવાના ? ૩

કાનૂન વાંચી કાબેલ બનીઆ, બેરીસ્ટર પદ ગ્રહી મોટું,
 કોરટમાં જઈ કેસ ચલાવો, સાચાનું કરવા ખોટું;
સમય આવતાં સજળ નેત્રથી, ટંટા ત્યાગી ટળવાના,
 કર્મરાજાની રાજસભામાં, કહો તમે શું કરવાના ? ૪

અમિત વખારો અનાજકેરી, લેવા ભાવ ભરપૂર ભરી,
 થાઓ રાજી દુષ્કાળ દેખીને, કણુકસાઇની છાપ ખરી;
અંતસમયમાંહિ યમ તમને, દાણા પેઠે દળવાના,
 કર્મરાજાની રાજસભામાં, કહો તમે શું કરવાના ? ૫

ચાર વાસ ગદીઆણો ચોરો, શ્રી પ્રભુના સમ ખાઇને,
 ઢાળ પાડતાં ઢાળો જનને, ધૂતારા સમ ધાઇને;
ગુરુ દેવ કોને નહિં ગણીઆ, અંતે કદી નથી તરવાના,
 કર્મરાજાની રાજસભામાં. કહો તમે શું કરવાના ? ૬

અનુવાદક—મુનિ પ્રેમવિમલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री सरस्वती-स्तुतिः ।

( द्रुतविलम्बितवृत्तम् )

जिनपति-प्रथिताखिल-वाङ्मयी, गणधरानन-मण्डप-नर्तकी ।
गुरुमुखाम्बुज-खेलन-हंसिका, विजयते जगति श्रुतदेवता ॥

ભાવાર્થ:—શ્રીઅરિહંત દેવે સૂત્રગ્રંથ-દ્વાદશાંગીને અર્થથી વિસ્તારેલી, ગણધર ભગવાનોના મુખરૂપી મંડપમાં નાચનારી અને ( આચાર્યાદિ ) ગુરુ-વર્યોના મુખરૂપી કમળમાં રમનારી હંસલીરૂપ શ્રી શ્રુતદેવી ( ભગવદ્‌વાણી ) જગતમાં જયવંતી વર્તે છે-તેની હું ઉપાસના કરું છું. ૧

( आर्यावृत्त )

सुयदेवया भगवई, नाणावरणीय-कम्म-संघायं ।
तेसिं खवेउ सययं, जेसिं सुयसायरे भत्ती ॥

—જે પ્રાણીની નિરંતર સૂત્રરૂપી સમુદ્રને વિષે ભક્તિ-શ્રદ્ધા-વિનય-બહુમાન છે તે પ્રાણીના ભગવતી ( પૂજ્ય ) શ્રુતદેવતા ( ભગવદ્‌વાણી ) જ્ઞાના-વરણીય કર્મસમૂહનો ( અજ્ઞાનને વધારનાર અને જ્ઞાનને ઢાંકનાર કર્મનો ) નાશ કરો. ૨

( अनुष्टुप् )

सरस्वती तमोवृन्दं, सरज्ज्योत्स्नां च निघ्नती ।
नित्यं नो मंगलं दिश्यान्, मुनिभिः पर्युपासिता ॥

—શરદ્‌ઋતુની પ્રકાશિત ચાંદનીની જેમ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારી અને ( તેથી જ ) મુનિવર્યોવડે ઉપાસના કરાયલી સરસ્વતી ( ભગવદ્‌-વાણી ) નિરંતર અમારું મંગલ-કલ્યાણ કરો. ૩

અનુવાદક-મુનિ બાલચંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી: સિંદૂર પ્રકર:

## સમશ્લોકી ભાષાંતર (સભાવાર્થ)

### (૫) અહિંસાદ્વાર

[ અનુસંધાન પૃષ્ઠ ૪૪ થી ]

### જીવદયાનો મહિમા

શાર્દૂલવિક્રીડિત.

પુણ્ય ક્રીડન ભૂમિ પાપ-રજની સંહારિ વંટોળલી,
નૌકા જન્મ સમુદ્ર દુ:ખ-અનલે છે જેહ મેઘાવલી;
શ્રી-દૂતી ત્યમ સ્વર્ગની નિસરણી ને દુર્ગતિ અર્ગલા,
જે મુક્તિસખી-તે કરો જીવદયા ! શું અન્ય કલેશે ભલા ? ર

**ભાવાર્થ**—પુણ્યની જે ક્રીડાભૂમિ છે, જે પાપરૂપ ધૂળને ઉડાડનારી વં[ટો]ળી છે, જે ભવસાગર-તરણમાં નૌકા છે, જે દુ:ખરૂપ અગ્નિ પ્રત્યે મેઘાવલી [છે,] જે લક્ષ્મીની સંકેતદૂતી છે, જે સ્વર્ગની નીસરણી છે, જે દુર્ગતિના આગળિ[યા]રૂપ છે અને જે મુક્તિરમણીની સખી છે–એવી જીવદયા કરો ! બીજા [અ]ન્ય ક્લેશથી સર્યું !

અત્રે કાવ્યકારે જીવદયાનું માહાત્મ્ય અનેક રૂપકઅલંકારદ્વારા વ્ય[ક્ત] કર્યું છે. દયા કેવી છે? ૧ ‘તે પુણ્યને રમવાની ભૂમિરૂપ છે’ એટલે ઉત્કૃષ્ટ પુણ્યબંધના કારણરૂપ જીવદયા છે. જગતમાં સર્વ કોઇ જીવને પોત[ાના] પ્રાણ પરમ પ્રિય છે, એનું સંરક્ષણ એ સર્વદા ઇચ્છે છે. એટલે એ પ્રા[ણ]રક્ષા જે વડે કરીને થાય છે તે જીવદયા મહદ્ પુણ્યનું કારણ છે. તીર્થ[ંકર] ભગવાન્ પણ ‘સવિ જીવ કરું શાસનરસી’–એવી પરમ ભાવદયાના નિબ[ંધનથી] ઉપજેલા પરમ પુણ્યબંધના પરિપાકરૂપ અર્હત્પદવીને પ્રાપ્ત થાય છે. ઇંદ્રત્વ [આદિ] તો તેના માત્ર આનુષંગિક સુફળ છે.

“શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ.”

૨. ‘દયા પાપને હરે છે.’ જેમ વંટોળીઓ ધૂળને ઊડાડી દે છે, [તેમ] જીવદયા પાપરૂપ રજને દૂર ઊડાડી દે છે. વંટોળીઆથી તો મોટા મકાનો ધરાશાયી થઇ જાય છે, મોટા તરુવરો પણ ઉન્મૂલિત થાય છે, ત્યારે [ધૂળ] જેવી લઘુ–હલકી વસ્તુનો તો શો ભાર? તેમ પાપરૂપ રજનો જીવદ[યારૂપ વં]ટોળીઆ આગળ શો ભાર? જીવદયા એવી મહાસમર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. ' જીવદયા ભવસમુદ્ર તરવા માટે નૌકારૂપ છે. ' કારણ કે ધર્મ-તીર્થ વડે સંસારનો નિસ્તાર થાય છે, અને ધર્મનું મૂળ દયા છે.

૪. ' દયા દુઃખાગ્નિને બુઝવવા મેઘમાળારૂપ છે. ' જે જેવું કરે તે તેવું પામે, એ ન્યાયે દયાવંત દુઃખ પામતો નથી, કારણ તે અન્યને દુઃખદ એવી હિંસા કરતો નથી. ' Do unto others as you would be done by. ' ' અન્ય તરફથી ઇચ્છો તેવું અન્ય પ્રત્યે આચરો ' એ સુવર્ણ સૂત્રને દયાવંત અનુસરે છે.

૫. ' દયા લક્ષ્મીનો મેળાપ કરાવનારી દૂતી છે. ' દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારની લક્ષ્મી દયાને લઇને સાંપડે છે.

૬. ' દયા સ્વર્ગની નીસરણી છે. ' કારણ સ્વર્ગપ્રાપ્તિ પુણ્યનું ફળ છે અને દયા પુણ્યનું કારણ છે.

૭. ' દયા દુર્ગતિના આગળીઆરૂપ છે. ' દયાથી દુર્ગતિના દરવાજા બંધ થઇ જાય છે, કારણ કે પાપનું પલ્લું ભારે થવાથી અધોગતિ થાય છે, અને દયાવંત તો લઘુકર્મી હોય છે.

૮. ' દયા મુક્તિરમણીની સખી છે. ' મુક્તિસુંદરીને મનાવવા માટે જીવદયા ઉપયોગી છે.

આમ ઐહિક અને પારલૌકિક સમસ્ત સંપત્તિ જીવદયાથી સાંપડે છે. આ જીવદયા જો સમ્યક્પણે આચરવામાં આવે, તો પછી બીજા કોઇ પણ પ્રકારના ક્લેશનું પ્રયોજન રહેતું નથી, કારણ કે જીવદયામાં બધું સમાઇ જાય છે. સત્ય, શીલ અને સર્વ પ્રકારના દાનાદિ પણ દયાની રક્ષા અર્થે છે, એના અંગભૂત છે, દયા હોય તો એ સર્વ પ્રમાણ છે.

" સત્ય શીલ ને સઘળા દાન, દયા હોઇને રહ્યાં પ્રમાણ;
દયા નહિં તો એ નહિં એક, વિના સૂર્ય કિરણ નહિં દેખ. "

**—શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત મોક્ષમાળા.**

## હિંસાથી કદી પુણ્ય હોય નહિ

શિખરિણી—

તરે નીરે શિલા, દિનકર ઊગે પશ્ચિમ યદિ,
ભજે અગ્નિ કેમે કરી શીતલતાને પણ કદી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદી જાયે ભૂમિ પીઠ કદી આ ત્રૈલોક્ય ઉપરે,
ન તોયે પ્રાણીનો વધ સુકૃત સંપાદન કરે. ૨૬

“ કદી શિલા જો પાણીમાં તરે, સૂર્ય જો પશ્ચિમમાં ઊગે, કોઇ પ્રકારે અગ્નિ પણ જો શીતળપણાને પ્રાપ્ત થાય, કદી ભૂમિપૃષ્ઠ ઊલટું થઇ જો ત્રણે લોકની ઉપર આવી જાય, તો પણ પ્રાણીનો વધ કદી પણ પુણ્ય નિપજાવે નહિં. ”

આ જગતને વિષે એવા કેટલાક અનર્થકારક ધર્મમતો પડ્યા છે કે જે યજ્ઞાદિમાં કરેલ પશુહોમથી વા દેવ—દેવીને બલિદાન આપવાથી પુણ્યની પ્રાપ્તિ માને છે. તેનો અત્રે નિષેધ કર્યો છે કે તે માન્યતા સર્વથા અસંભાવ્ય અને વિવેકશૂન્ય છે. જો કદી પથ્થર પાણીમાં તરે, સૂર્ય જો પશ્ચિમમાં ઊગે, ઇત્યાદિ ન બનવાનું બને તો પ્રાણીવધથી પુણ્ય ઉપજે, પણ એમ તો ત્રણે કાળમાં બને નહિં, એટલે પ્રાણીહિંસાથી પુણ્યનો સંભવ પણ હોય નહિં. હિંસામાં પુણ્ય માનવું એ મૂઢતાની પરાકાષ્ઠા છે.

સર્વ જીવને પોતાનો પ્રાણ પ્રિયમાં પ્રિય વસ્તુ છે. પ્રાણના બદલામાં જો સમસ્ત જગતનું સામ્રાજ્ય મળતું હોય તો પણ તે સામ્રાજ્ય જતું કરી પોતાનું જીવિતવ્ય ઇચ્છશે. કહ્યું છે કેઃ—

“ सकलजलधिवेलावारिसीमां धरित्रीम,
नगरनगसमग्रां स्वर्णरत्नादिपूर्णाम् ।
यदि मरणनिमित्ते कोऽपि दद्यात्कथंचित्,
तदपि न मनुजानां जीविते त्यागबुद्धिः ॥ ”

શ્રી જ્ઞાનાર્ણવ પ્ર० ૮, શ્લો० ૩૭

આવી પ્રિયતમ વસ્તુના ઘાતથી જો પુણ્ય ઉપજતું હોય તો પછી ‘नरके केन गम्यते ? ’—નરકે કોણ જશે ?

“ प्रमाणीकृत्य शास्त्राणि, यैर्वधः क्रियतेऽधमैः ।
सह्यते परलोके तैः, श्वभ्रे शूलाधिरोहणम् ॥ ”

“ શાસ્ત્રોને પ્રમાણ કરી જે અધમ વધ કરે છે, તેને પરલોકે નરકમાં શૂળારોપણ સહેવું પડે છે. ” —શ્રી જ્ઞાનાર્ણવ

આ કાવ્યમાં અતિશયોક્તિ અલંકાર છે, કારણ અસંભવિત વસ્તુની અત્ર કલ્પના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હિંસાથી ધર્મ ઇચ્છનારની મૂઢતા

માલિની

કમલ અનલમાંથી, દિન સૂર્યાસ્તમાંથી,
અમી ફણિમુખમાંથી, વાદ સત્ વાદમાંથી;
વિષથી જીવિત વાંચ્છે, રોગ શાંતિ અજીર્ણે,
અધમ અભિલષે જે, ધર્મ હિંસા ભજીને. ૨૭

" જે મનુષ્ય, પ્રાણીની હિંસાવડે કરીને ધર્મની ઇચ્છા રાખે છે, તે અગ્નિ માંથી કમલવનની ઉત્પત્તિ ઇચ્છે છે, સૂર્યાસ્તથી દિવસ ઊગવાની ઇચ્છા કરે છે, સાપના મુખમાંથી અમૃતની આશા રાખે છે, વિતંડાવાદથી સત્‌વાદ કરવા ચાહે છે, વિષવડે કરીને જીવન વાંચ્છે છે અને અજીર્ણમાંથી રોગની શાંતિ અભિલષે છે ! ! ! "

નિદર્શના અલંકાર

વળી જે મૂઢ પ્રાણીના વધવડે કરીને ધર્મની અભિલાષા કરે છે, તે કોના જેવો મૂર્ખ છે તે કહે છે. અગ્નિમાંથી કમલની ઉત્પત્તિ ઇચ્છવી, સૂર્યાસ્તમાંથી દિવસોદય ઇચ્છવો ઇત્યાદિ જેમ અસંભવિત છે તેમ હિંસામાંથી ધર્મનો ઉદ્‌ભવ અસંભવિત છે. જો કોઇ એમ ઇચ્છે તો તેને મહામૂર્ખ જાણવો. હિંસારૂપ પ્રગટ અધર્મ કાર્યમાં ધર્મબુદ્ધિ ધારવી તે તો કુશાસ્ત્રજનિત કુસંસ્કારનું અને મહામિથ્યાત્વનું પરિણામ છે. અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

धर्मबुद्ध्याऽधमैः पापं, जन्तुघातादिलक्षणम् ।
क्रियते जीवितस्यार्थं, पीयते विषमं विषम् ॥ १ ॥
तितीर्षति ध्रुवं मूढः, स शिलाभिर्नदीपतिम् ।
धर्मबुद्ध्याऽधमो यस्तु, घातयत्यङ्गिसंचयम् ॥ २ ॥ "

—શ્રી જ્ઞાનાર્ણવ

પ્રાણીવધ આદિ પાપ અધમજનો ધર્મબુદ્ધિથી કરે છે, તે જીવવાને માટે વિષમ વિષ પીએ છે !

જે અધમ ધર્મબુદ્ધિથી પ્રાણીવર્ગનો ઘાત કરે છે તે મૂઢ શિલાવડે કરીને સમુદ્ર તરવા ઇચ્છે છે !

પોતાને કાંટો કે નાની સરખી ટાંચણી વાગે તો પણ જે આકુળવ્યાકુળ થઇ જાય, તે મનુષ્ય બીજા પ્રત્યે છુરી કેમ ચલાવતો હશે ? પોતાનો જાન બચાવવા જે આકાશપાતાલ એક કરે તે અન્યનો જાન રમતમાત્રમાં કેમ લેતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશે ? પોતાના કે સ્વજનના નાના સરખા રોગના નિવારણ અર્થે દ્રવ્ય વહેતું મૂકનાર, બીજાના માંસને સસ્તું કેમ ગણતા હશે ? અરે ! એ બધું તો ઠીક, પણ જેમાં પ્રગટપણે કેવળ અધર્મ જ છે એવી હિંસામાં ધર્મબુદ્ધિ કેમ ધારતા હશે ?

## જીવદયાનું ફળ

શાર્દૂલવિક્રીડિત

આયુ દીર્ઘ કરે, વપુ વર કરે, ને ગોત્ર ગુરૂ કરે,
લક્ષ્મી વૃદ્ધિ કરે, બહુ બળ કરે, સ્વામિત્વ ઊંચું કરે;
ને આરોગ્ય સદા કરે, ત્રિજગમાં શ્લાઘ્યત્વ મોટું કરે,
સંસારાબ્ધિ કરે સુતાર્ય, કરુણાભીનું ખરે ! ચિત્ત રે ! ૨૮

"દયારસથી ભીંજાયેલું મન આયુષ્ય લાંબું કરે છે, શરીરને વિશેષ સુંદર બનાવે છે, ગોત્રને અધિક ગૌરવવંતું કરે છે, લક્ષ્મી વધારે છે, બળની વૃદ્ધિ કરે છે, સ્વામિત્વ ઊંચું કરે છે, નિરંતર આરોગ્ય અર્પે છે, ત્રણે ભુવનમાં પ્રશસ્ય પણું ઉપજાવે છે અને સંસારસાગર તરવાનું સ્હેલ બનાવે છે."

દયાનો મહિમાતિશય અત્ર દર્શાવ્યો છે. દયાના પ્રભાવથી આયુષ્ય, બળ, લક્ષ્મી, આરોગ્ય, કીર્ત્તિ આદિનો ઉત્કર્ષ થાય છે; આ લોક પરલોકની સર્વ સુખ સામગ્રી સાંપડે છે અને ભવસાગર તરી જવાય છે.

અહીં જે હિંસા–અહિંસાની વાત કરી તે હિંસા–અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ વિચારવા યોગ્ય છે. હિંસા–અહિંસાની વ્યાખ્યા બહુ વિશાળ છે. નિર્ગ્રંથ ગ્રંથકારોએ એની જેવી સર્વગ્રાહી, મનનીય અને માનનીય વ્યાખ્યા કરી છે તેવી અન્યત્ર ક્યાંય નથી. અહિંસાની મીમાંસા માટે તો સ્વતંત્ર લેખ જોઈએ. અત્રે તો માત્ર સંક્ષેપથી વિચારીએ. શાસ્ત્રકારે હિંસાની વ્યાખ્યા આ શબ્દોમાં કરી છે:—

"प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा।" —શ્રી તત્ત્વાર્થ સૂ

"પ્રમત્તયોગથી પ્રાણનું વ્યપરોપણ કરવું તે હિંસા."

"यत्खलु कषाययोगात्, प्राणानां द्रव्यभावरूपाणां।
व्यपरोपणस्य करणं, सुनिश्चिता भवति सा हिंसा॥
अप्रादुर्भावः खलु, रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति, जिनागमस्य संक्षेपः॥"

—શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"કષાયયોગે કરીને દ્રવ્ય–ભાવરૂપ પ્રાણોનું જે વ્યપરોપણ કરવું–કરવું તે હિંસા."

"રાગાદિનું નહિં ઉપજવું તે અહિંસા અને તે રાગાદિની ઉત્પત્તિ તે હિંસા–એમ જિનાગમનો સંક્ષેપ (સાર) છે."

આ વ્યાખ્યામાં હિંસાના અનેક ભેદ–પ્રભેદો સમાઇ જાય છે. સૂતરનું કોકડું (અંડલ) ન્હાનું હોય પણ તેને ઉખેળતાં જેમ મોટો વિસ્તાર થાય, તેમ આ સંક્ષિપ્ત સૂત્રને પણ વિવેકથી ઊકેલતાં મહાન્ રહસ્યાર્થ નીકળે છે. અત્રે ત્રણ મુખ્ય મુદ્દા લક્ષમાં રાખવા યોગ્ય છે:—

(૧) પ્રમાદ—રાગાદિ અથવા કષાયયુક્ત પરિણામ.

(૨) યોગ—મન, વચન, કાયા.

(૩) પ્રાણ—દ્રવ્ય પ્રાણ ૧૦. } સ્વપ્રત્યયી અને
ભાવ પ્રાણ જ્ઞાનાદિ. } પરપ્રત્યયી.

હવે ઉપરોક્ત વ્યાખ્યાને કિંચિત્ વિસ્તારીએ તો મન–વચન–કાયાના યોગથી, પ્રમત્તપણે એટલે કે રાગાદિયુક્ત પરિણામથી અથવા કષાયાવિષ્ટપણે, પોતાના કે પરના, દશ પ્રકારના દ્રવ્યપ્રાણનો કે જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણનો, કરવા, કરાવવા અને અનુમોદવારૂપ, જે ઘાત તે હિંસા.

આમાં પ્રમાદ ઉપર ખાસ ભાર મૂક્યો છે, પ્રમાદ હિંસાના આત્મારૂપ છે; કારણ કે હિંસાની સંભાવનામાં રાગાદિ પરિણામ મહત્વનો ભાગ ભજવે છે. હિંસાના પરિણામ રાખનાર બીજાની હિંસા તો કરે કે ન કરે, પણ પ્રથમ પોતાના આત્માની હિંસા તો અવશ્ય કરે છે જ, કારણ કે આત્મપરિણામની ઘાત–જ્ઞાનાદિ સ્વરૂપની ઘાતસ્વરૂપ હિંસા ત્યાં થઇ ચૂકે છે. એટલે સ્વપ્રત્યયી હિંસા તો થઇ જ ગઇ, પરપ્રત્યયી થઇ હોય વા ન થઇ હોય. કહ્યું છે કેઃ—

"यस्मात्सकषायः सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम् ।
पश्चाज्जायेत न वा हिंसा प्राण्यंतराणां तु ॥"

—શ્રી પુરૂષાર્થસિદ્ધિ ઉપાય.

જેના હિંસાના પરિણામ ન હોય, જીવરક્ષા કરવાને જે ઉદ્યમવંત હોય, યત્નાવંત હોય અને રાગાદિ પરિણામથી રહિત હોય, તેનાથી ક્વચિત્ હિંસા થઇ જાય તો પણ તેને દોષ લાગતો નથી; કારણ કે ત્યાં કષાયાદિથી આત્મપરિણામનો ઘાત નથી. અને એટલા માટે જ વીતરાગદેવોને મન–વચન–કાયાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક પ્રવૃત્તિ છતાં હિંસાજન્ય દોષ લાગતો નથી. કારણ કે તેનામાં અપ્રમત્ત છે. વીતરાગત્વ છે, નિષ્કષાયત્વ છે.

" युक्ताचरणस्य सतो रागाद्यावेशमंतरेणापि ।
न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव ॥ "

—શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય.

અહીં જે હિંસાની વ્યાખ્યા કરી તેના શીર્ષકમાં અસત્ય, સ્તેય આદિ પણ અપેક્ષાએ સમાઇ જાય છે, કારણ કે અસત્ય, સ્તેય આદિ આત્મપરિણામઘાતના કારણ છે. એટલે તે પણ સ્વસ્વરૂપની હિંસારૂપ છે.

" आत्मपरिणामहिंसनहेतुत्वात् सर्वमेव हिंसैतत् ।
अनृतवचनादि केवलमुदाहृतं शिष्यबोधाय ॥ "

—શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાય.

આમ સંક્ષેપમાં હિંસા–અહિંસાની વ્યાખ્યા થઇ. અસ્તુ !

આ શ્લોક ચતુષ્ટયનો સાર સમુચ્ચય:—

ભુજંગી

દયા સર્વદા આદરો ! શું બીજાથી ?
શિલા જો તરે, પુણ્ય તો હિંસનાથી:
ચડે ધર્મ હિંસાથકી મૂઢ માત્ર,
દયાથી બને સર્વ સંપત્તિ પાત્ર.

॥ इति अहिंसाद्वारम् ॥

—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા

## સમસ્યા

માતા મારી ધિવરા, ગાય સવચ્છી ખાય;
બ્રાહ્મણ મારી રક્ત પીએ, વહેલો વૈકુંઠ જાય. ૧

પ્રથમ પરનિંદા કરે, પરમંદિરમાં વાસ;
પરનારી પર હાથ દે, તેનો વૈકુંઠ વાસ. ૨

ઉપરના સમસ્યાનો ઉત્તર આવશે તે બરાબર હશે તો માસિકમાં દાખલ કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સન્માર્ગદર્શક અને વૈરાગ્યસૂચક

# ઉપદેશ સાર

૧. સત્પુરુષ અન્યાય કરે નહીં. સત્પુરુષ અન્યાય કરશે તો આ જગતમાં વરસાદ કોના માટે વરસશે ? સૂર્ય કોના માટે પ્રકાશશે ? વાયુ કોના માટે વાશે ?

૨. આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ? જ્યાંસુધી તે શરીરમાં હોય, ભલેને હજારો વરસ, પણ ત્યાંસુધી શરીર સડતું નથી. પારાની જેમ આત્મા–ચૈતન્ય ચાલ્યું જાય એટલે શરીર શબ થઇ પડે અને ( જોતજોતામાં ) સડવા–ગંધાવા માંડે.

૩. જીવમાં જાગૃતિ અને પુરુષાર્થ જોઇએ. કર્મબંધ થયા પછી તેમાંથી ( ઉદય આવ્યા પહેલાં ) છૂટવું હોય તો અબાધાકાળ ( અંતરકાળ ) પૂર્ણ થતાં સુધીમાં છૂટી શકાય. પુણ્ય, પાપ અને આયુષ્ય એ કોઇ બીજાને ન આપી શકાય. તે દરેક પોતે જ ભોગવે.

૪. સ્વચ્છંદે–સ્વમતિ કલ્પનાએ–સદ્ગુરુની આજ્ઞા વિના ધ્યાન કરવું એ તરંગરૂપ છે અને ઉપદેશ આપવો–વ્યાખ્યાન કરવું એ અભિમાનરૂપ છે.

૫. દેહધારી આત્મા પંખી છે અને દેહ એ ઝાડ છે. આ દેહરૂપી ઝાડમાં (નીચે) જીવનરૂપી પંખી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે, તે પંખી ઝાડને જ પોતાનું કરી માને એ કેમ ચાલે ?

૬. સુંદરવિલાસ સુંદર–સારો ગ્રંથ છે. તેમાં ક્યાં ઊણપ–ભૂલ છે તે અમે જાણીએ છીએ. તે ઊણપ બીજાને સમજાવવી મુશ્કેલ છે. ઉપદેશ અર્થે એ ગ્રંથ ઉપકારી છે.

૭. છ દર્શન ઉપર દૃષ્ટાંતઃ- છ જુદા જુદા વૈદોની દુકાન છે. તેમાં એક વૈદ સંપૂર્ણ સાચો છે. તે તમામ રોગોને, તેનાં કારણોને અને તે ટાળવાના ઉપાયોને જાણે છે. તેના નિદાન ને ચિકિત્સા સાચા હોવાથી રોગીના રોગ નિર્મૂળ થાય છે. વૈદ કમાય છે પણ સારું. આ જોઇને બીજા પાંચ કૂટવૈદો પણ પોતપોતાની દુકાન ખોલે છે. તેમાં સાચા વૈદના ઘરની દવા પોતા પાસે હોય છે તેટલા પૂરતો તો રોગીનો રોગ દૂર કરે છે અને બીજી પોતાની કલ્પનાથી પોતાના ઘરની દવા ભેળવે છે તેથી ઊલટો રોગ વધે છે, પણ દવા સસ્તી આપે છે એટલે લોભના માર્યા લોક લલચાય છે અને તેને ત્યાં જઇ ઊલટા નુકશાન પામે છે.

૮. આનો ઉપનય એ છે કે સાચા વૈદ સમાન તે વીતરાગ દર્શન છે. જે સંપૂર્ણ સત્યસ્વરૂપ છે. તે મોહ વિષયાદિને, રાગ દ્વેષને, હિંસા આદિને સંપૂર્ણ દૂર કરવા કહે છે, તે વિષયાસક્ત રોગીને મોંઘા પડે છે. ભાવતાં નથી. બીજા પાંચ કૂટવૈદો છે તે કુદર્શનો છે. તે જેટલા પૂરતી વીતરાગના ઘરની વાતો કરે છે તેટલા પૂરતો તો રોગ દૂર કરવાની વાત છે પણ સાથે સાથે મોહની, સંસારવૃદ્ધિની, મિથ્યાત્વની, હિંસા આદિની ધર્મના બહાને વાત કરે છે તે પોતાની કલ્પનાની છે અને તે સંસારરૂપ રોગ ઘટવાને બદલે વૃદ્ધિનું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે છે. વિષયમાં વ્યાપેલા રહેલ પામર સંસારીને મોહની ગાંઠ મીઠી લાગે છે અર્થાત્ સરતી પડે છે અને કુવૈદ નરક ખેંચાય છે પણ પરિણામે વધારે રોગી થાય છે.

૯. શ્રી વીતરાગ દર્શન ત્રીજા વૈદ્ય જેવું છે. અર્થાત્ તે રોગીનો રોગ ટાળે છે, નીરોગીને રોગ થવા દેતું નથી અને આરોગ્યની પુષ્ટિ કરે છે. એટલે જીવનો સમ્યગ્દર્શનવડે મિથ્યાત્વ રોગ ટાળે છે. સમ્યગ્‌જ્ઞાનવડે જીવને રોગનો ભોગ થતાં બચાવે છે અને સમ્યક્ચારિત્રવડે સંપૂર્ણ શુદ્ધ ચેતનારૂપ આરોગ્યની પુષ્ટિ કરે છે.

૧૦. અજ્ઞાનરૂપી અંધકાર( તિમિર રોગ )વડે અંધ જનોનાં નેત્રો જેમણે જ્ઞાનરૂપ અંજન-શલાકાવડે ખોલ્યાં છે તે સદ્‌ગુરુ-દેવને નમસ્કાર હો !

૧૧. મોક્ષમાર્ગના નેતા (મોક્ષમાર્ગે લઇ જનાર), કર્મરૂપ પર્વતના ભેત્તા ( ભેદનાર) અને સમગ્ર તત્ત્વના વેત્તા પ્રભુને એવા ગુણોની પ્રાપ્તિ માટે વંદું છું.

૧૨. અહીં મોક્ષમાર્ગના નેતા એમ કહી, આત્માના અસ્તિત્વથી માંડી તેના મોક્ષ અને મોક્ષના ઉપાય સહિત છએ પદનો તથા મોક્ષ પામેલાનો સ્વીકાર કર્યો તેમજ જીવાજીવાદિક બધા તત્ત્વોનો સ્વીકાર કર્યો. મોક્ષ બંધની અપેક્ષા રાખે છે; બંધ, બંધના કારણો આશ્રવ-પુણ્ય-પાપ-કર્મ અને બંધાનાર એવા નિત્ય અવિનાશી એવા આત્માની અપેક્ષા રાખે છે. તેમજ મોક્ષ, મોક્ષના માર્ગની-સંવરની-નિર્જરાની-બંધનાં કારણો ટાળવારૂપ ઉપાયની અપેક્ષા રાખે છે. જેણે માર્ગ જાણ્યો, જોયો, અનુભવ્યો હોય તે નેતા થઇ શકે એટલે મોક્ષમાર્ગના નેતા એમ કહી તેને પામેલા એવા સર્વજ્ઞ-સર્વદર્શી-વીતરાગનો સ્વીકાર કર્યો. આમ મોક્ષમાર્ગના નેતા એ વિશેષણથી જીવ-અજીવાદિક નવે તત્ત્વ, છએ દ્રવ્ય, આત્માના હોવાપણા આદિ છએ પદ અને મુક્ત આત્માનો સ્વીકાર કર્યો.

૧૩. મોક્ષમાર્ગ ઉપદેશવાનું, તે માર્ગે લઇ જવાનું કાર્ય દેહધારી સાકાર મુક્ત પુરુષ કરી શકે, દેહ રહિત નિરાકાર ન કરી શકે. આમ કહી આત્મા પોતે પરમાત્મા થઇ શકે છે, મુક્ત થઇ શકે છે, એવા દેહધારી મુક્ત પુરુષ જ બોધ કરી શકે છે એમ સૂચવ્યું. દેહ રહિત અપૌરુષ બોધનો નિષેધ કર્યો.

૧૪. કર્મરૂપ પર્વતના ભેદનાર એમ કહી કર્મરૂપ પર્વતોને તોડવાથી મોક્ષ થાય એમ સૂચવ્યું, અર્થાત્ કર્મરૂપી પર્વતો સ્વવીર્યવડે દેહધારીપણે તોડ્યા અને તેથી જીવનમુક્ત થઇ મોક્ષમાર્ગના નેતા-મોક્ષમાર્ગના બતાવનાર થયા. ફરી ફરી દેહ ધારણ કરવાનું, જન્મમરણરૂપ સંસારનું કારણ કર્મ છે તેને સમૂળાં છેદ્યાથી ફરી દેહ ધારણ કરવાપણું નથી એમ સૂચવ્યું. મુક્ત આત્મા ફરી અવતાર ન લે એ પણ સૂચવ્યું.

૧૫. વિશ્વતત્ત્વના જ્ઞાતા-લોકાલોકના જાણનાર એમ કહી મુક્ત આત્માનું અખંડ સ્વરૂપ જ્ઞાયકપણું સૂચવ્યું. મુક્ત આત્મા સદા જ્ઞાનરૂપ જ છે એમ સૂચવ્યું. વીતરાગ માર્ગના ઉપાસના કર્તવ્ય છે.

( સ. ક. વિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૂળ ( મોક્ષ ) માર્ગ-રહસ્ય

( સંગ્રહીત )

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂળ૦
'નોય[1] પૂજાદિની કામના રે, નોય વ્હાલું અંતર ભવદુઃખ[2]. મૂળ૦ ૧
કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિન સિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમાર્થ હેતુથી રે, કોઇ પામે મુમુક્ષુ[3] તે વાત. મૂળ૦ ૨
જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધતા રે, એકપણે તે અવિરુદ્ધ; મૂળ૦
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાન્તે બુદ્ધ[4]. મૂળ૦ ૩
લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણ કાળ અભેદ. મૂળ૦ ૪
હવે જ્ઞાન-દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ. મૂળ૦
તેને જોતાં[5] વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫
છે [6]દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬
જે જ્ઞાને કરીને જાણીયું રે, તેની વર્તે છે શુદ્ધ [7]પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. મૂળ૦ ૭
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ જે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આતમરૂપ; મૂળ૦
તેહ માર્ગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ. મૂળ૦ ૯
એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા[8] અનાદિ બંધ; મૂળ૦
ઉપદેશ સદ્‌ગુરુનો પામવા રે, ટાળી [9]સ્વચ્છંદને પ્રતિબંધ. મૂળ૦ ૧૦

---

૧ જો પૂજાવા-મનાવાદિકની ઇચ્છા-અભિલાષા રહેતી ન હોય.
૨ જન્મ-મરણજનિત દુઃખથી હવે કંટાળો-અભાવ-ખેદ આવ્યો હોય.
૩ મોક્ષનો ખપી કોઇ જીવ મૂળમાર્ગનું રહસ્ય પામી જાય-પામે.
૪ તીર્થંકર-ગણધર મહાજ્ઞાની-અનુભવી મહાપુરુષોએ.
૫ વિચારી જોતાં ઉત્તમ આત્માર્થ-મોક્ષનો પરમાર્થ વિશેષે સમજાશે.
૬ દેહાદિક પુદ્‌ગળથી આત્મા સદા ભિન્ન લક્ષણવાળો ઉપયોગી ને અવિનાશી છે.
૭ શ્રદ્ધા-સદ્દહણા-ખાત્રી. ૮ અનાદિ કર્મબંધનને ટાળવા માટે.
૯ મોકળી વૃત્તિથી ચાલવાની પડેલી ટેવ-સ્વેચ્છાચારીપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્મતત્ત્વ

[ ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ ]

આસ્રવ (પુણ્ય–પાપ)–કર્મ બે પ્રકારના છે : દ્રવ્યકર્મ અને ભાવકર્મ. જે કર્મસ્વરૂપે પરિણમેલ પુદ્‌ગલપિંડ તે દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મના ફળ તે ભાવકર્મ. જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ તે **દ્રવ્યકર્મ** છે અને રાગ–દ્વેષ–ક્રોધાદિ તે **ભાવકર્મ** છે

કષાયવાળા જીવને કષાયપરિણામ હોય છે, કેમ કે તે તેવા પરિણામ ઉત્પન્ન કરે છે. સિદ્ધના જીવો અકષાયવાળા હોવાથી તેમને તેવા પરિણામ હોતા નથી. કેવળજ્ઞાનીઓને પણ સર્વથા કષાયપરિણામ હોતા નથી, તેથી તે કર્મબંધન પામતા નથી. જીવ જો અપરિણામે રહેવાનો પ્રયત્ન કરે તો તેને કષાયો ઉત્પન્ન થતા નથી અને કષાયો ઉત્પન્ન થતા ન હોવાથી તેના અપરિણામી ધર્મમાં વધારો થયા કરે છે. અભ્યાસથી કષાયોની જડ ઉખડી જતાં, ઘાતીકર્મનો સંબંધ દૂર થતાં આત્મા સદાને માટે અપરિણામી આત્મસ્વરૂપ થઇ રહે છે. જીવ તથા કર્મને અન્યોઅન્યના ગુણોનું કર્તાપણું નથી–કેવળ એક બીજાના નિમિત્તથી એક બીજાના પરિણામની ઉત્પત્તિ થાય છે. નિશ્ચય દૃષ્ટિએ જોતાં જીવ તથા કર્મને પોતપોતાના ગુણોનું કર્તાપણું છે. જીવ તથા કર્મ એક બીજાના ગુણો કરે છે તે વ્યવહારની અપેક્ષાએ કહેવાય છે. જ્ઞાન, દર્શન આદિ જીવના ગુણો

---

**એમ દેવ જિનદે ભાખિયું રે. મોક્ષ મારગનું[૧૦] શુદ્ધ સ્વરૂપ; મૂળ૦**
**ભવ્યજનોના હિતના કારણે રે. સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦૧૧**

સાદી–સરલ ભાષામાં ભવ્યાત્માઓના દિલમાં ઉતરે; તેના રોધક–પ્રતિબંધક ખાસ કારણે લક્ષમાં આવે અને તેને દૂર કરવા અંતરથી કાળજી રાખી તેવા સુપાત્ર–સુયોગ્ય જ્ઞાની સદ્‌ગુરુનો સુયોગ સાધીને, તેમની સેવા–ભક્તિ–આદર–બહુમાન કરીને ઉક્ત મોક્ષમાર્ગનું અવિરોધ રહસ્ય સમજી, તેનું શુદ્ધ સરળભાવે સેવન–આરાધન કરે તો તે મહાનુભાવો આ દુષમ કાળમાં પણ આ દુર્લભ માનવદેહાદિક ધર્મસામગ્રી પામ્યા છે તેની સાર્થકતા–સફળતા કરી પુન્યાનુબંધી પુન્યવડે ઉત્તરોત્તર અધિક સુંદર સામગ્રી પામીને અથવા તેવા જ્ઞાનીપુરુષોની સદ્ અનુગ્રહ પામીને કેવળ નિઃસંગભાવે આત્મધર્મની સાધના–આરાધના કરી, અલ્પ કાળમાં સર્વ કર્મ–મળથી મુક્ત થઇ જન્મ–મરણના અનંત દુઃખમાંથી સર્વથા છૂટી, સિદ્ધ–બુદ્ધ–પારંગત થઇ રહે છે. એવી ઉત્તમોત્તમ દશા પામવા–અનુભવવા આપણે યોગ્ય અધિકારી થઇએ.

( સ. ક. વિ. )

---

૧. દેહ–ગેહનાં મમતાદિકમાં, પાંચે ઇન્દ્રિયોના વિષયસુખમાં લાગેલી આસક્તિ.
૧૦ માર્ગ અરિહંતે સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ **મોક્ષમાર્ગ** બતાવ્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણાદિ આવરણ [illegible] કર્મના ગુણો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આદિ તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન આદિ જીવના પરિણામ ( પર્યાય ) છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ આદિ તથા ક્રોધ-માનાદિ કર્મના પરિણામ ( પર્યાયો ) છે. અહીં કર્મ છે તે જીવના જ્ઞાન, દર્શન આદિ ગુણોનો કર્તા નથી પણ કર્મના નિમિત્તથી જીવમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન આદિ પરિણામ ઉત્પન્ન થાય છે અને જીવના નિમિત્તથી મતિ જ્ઞાનાવરણાદિ, ચક્ષુદર્શનાવરણાદિ કર્મના પરિણામ ઉત્પન્ન થાય છે. આથી એ નિશ્ચય થાય છે કે-નિશ્ચય દૃષ્ટિએ જીવ પોતાના ગુણોનો કર્તા અને કર્મો પોતાના ગુણોના કર્તા છે. વ્યવહારે કર્મ જીવના ગુણોનો કર્તા છે અને જીવ કર્મના ગુણોનો કર્તા છે. જેમ જીવમાં પુદ્ગળની અપેક્ષાએ રાગદ્વેષાદિ ભાવો ઉત્પન્ન થાય છે તેમ ઔદયિક ભાવોની પણ પુદ્ગળની અપેક્ષાએ ઉત્પત્તિ થાય છે. કર્મના ઉદયથી જે ભાવ થાય તે ઔદયિક ભાવ કહેવાય છે. તે પણ જડ પુદ્ગળો જ છે. આ ભાવોને પણ મિથ્યાત્વથી મોહિત અંતઃકરણવાળો પોતાના માને છે તે નિરંતર પાપ આશ્રવનું ગ્રહણ કરે છે ' પર પદાર્થો મારા છે અને હું તેમનો છું ' આવી અભેદ એકતાવાળી કલ્પના કરનાર પોતાપણાને અને પારકાપણાને જાણતો નથી. આ અજ્ઞાન પણ આશ્રવનું કારણ છે.

**મિથ્યા જ્ઞાન**—વિપરીત જ્ઞાનની સાથે મન, વચન, કાયાની શક્તિ મળતાં તેમાંથી અનેક કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. વચનદ્વારા તે કલ્પનાઓ પ્રગટ કરાય છે અને શરીરદ્વારા તે કલ્પનાઓ પ્રમાણે વર્તન બને છે. આની સાથે અવિરતિ મળે છે, ઇચ્છાઓ પ્રવૃત્તિનું રૂપ ધારણ કરે છે, તેની સાથે ક્રોધ, માન, માયા, લોભ જોડાય છે. હવે કલ્પનાઓ અને પ્રવૃત્તિનું જોર વધે છે. મન આદિ યોગનું બળ પણ હવે અખંડ પ્રવાહે આગળ વૃદ્ધિ પામે છે. આ સ્થળે આ બધા સાધનોને લઈને આત્મા રાગદ્વેષાદિના અથવા શુભાશુભ પરિણામોના ભાવો ઉત્પન્ન કરે છે. આ ભાવો કર્મ આશ્રવને અનુકૂળ માર્ગ કરી આપે છે એટલે કર્મ આશ્રવો આવીને જમા થાય છે તેના ઉદયમાંથી ફરીને રાગદ્વેષાદિ ભાવો પરિણામ પામે છે. આ ભાવો કર્મને આત્મા તરફ ખેંચે છે. આવી રીતે આ કર્મનું ચક્ર-આશ્રવપ્રવાહ આત્માની બધી બાજુ મજબૂત કિલ્લો બાંધે છે અને આત્મા પોતાના પ્રકાશને પોતામાં દબાવીને આ કર્મના કિલ્લામાં લાંબા કાળ સુધી ઘેરાયેલ રહે છે.

જે આત્માને સ્વપરનુ જડ-ચૈતન્યનુ ભાન થાય છે; શુભાશુભ પરિણામો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેના અંગે ઉત્પન્ન થતી વિવિધ કલ્પનાઓ, જલ્પનાઓ અને પ્રવૃત્તિઓને જે પરરૂપે સમજે છે, તેનો ત્યાગ કરીને પોતાના શુદ્ધ ઉપયોગમાં સ્થિર થાય છે તે જ આત્મા આ આશ્રવપ્રવાહને રોકી કર્મના કિલ્લાને તોડીને પોતાના પૂર્ણ સ્વરૂપે વિશ્વમાં પ્રકાશિત થાય છે.

**કર્મબંધ**—છેદનભેદન આદિ પ્રવૃત્તિ શરીરથી કરે યા ન કરે પણ તેલાદિકની ચીકાશ શરીર ઉપર હોવાથી જેમ ધૂળથી તે લેપાય છે–ખરડાય છે તેમ મનુષ્ય જાતે આરંભ કરે કે ન કરે તો પણ રાગદ્વેષાદિ બંધના કારણોની હયાતિ તેનામાં હોવાથી જીવ બંધાયા વિના રહેતો નથી. રાગદ્વેષ ન હોય તો બંધ થતો નથી.

સંસારી જીવને શરીરના સંબંધથી કર્મ બંધાય છે અને તે કર્મદ્વારા વ્યવહાર દૃષ્ટિએ જીવ મરે છે, સુખી દુઃખી થાય છે, મરાય છે, જીવાડાય છે. સુખી દુઃખી કરાય છે એ બધું બને છે. કોઇ જીવ કોઇને કાંઇ આપતો નથી એ પણ અપેક્ષાએ બરાબર છે. જે કર્મમાંથી આ ફળો પેદા થાય છે તે કર્મો તે જીવે પોતે જ બાંધેલા છે. તે ઉદય આવતાં તેમાંથી સુખ દુઃખ ઉત્પન્ન થાય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો તે જીવ પોતાના કરેલાં કર્મોથી જ સુખી દુઃખી થાય છે. હું બીજાને ઉપકાર કરું છું કે નુકશાન કરું છું એ મિથ્યા બુદ્ધિ છે. હા, સહકારી કારણ–નિમિત્ત કારણરૂપે એક મનુષ્ય બીજાને સુખ દુઃખ આપે છે અને એક બીજાને નિમિત્તે સુખી દુઃખી થાય છે; પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં જેટલાં જેટલાં સંકલ્પવિકલ્પો કરાય છે તે બધા તે જીવના કરેલાં કર્મબંધનમાંથી જ ઉત્પન્ન થાય છે.

નિરાગી આત્મા કર્મોથી બંધાતો નથી એ નિયમ ચોક્કસ છે, નિરાગી યોગી વિષયોને જાણવાથી બંધાતો નથી. જો તેમ ન હોય તો વિશ્વને જાણનાર કેવળીઓ પણ બંધાવા જોઇએ પણ તે બંધાતા નથી, જ્ઞાની સર્વ દ્રવ્યોને જાણે છે પણ અનુભવતા નથી, અજ્ઞાનીઓ સર્વ દ્રવ્યને જાણતા નથી પણ અનુભવે છે, તેથી જ તે બંધાય છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું બરાબર જાણવું તેને જ્ઞાનીઓ જ્ઞાન કહે છે–જાણવું કહે છે અને રાગ દ્વેષ, મદ ક્રોધાદિ સહિત જાણવું, તેને વેદવું–અનુભવવું કહે છે. અર્થાત્ તે જાણવાની રાગદ્વેષ કરવો તે વેદવું–અનુભવવું છે. ઉદય આવેલા કર્મો જ્યારે પોતાના સ્વભાવ પ્રમાણે સુખ અથવા દુઃખ હાજર કરે છે–આપે છે ત્યારે જ્ઞાની તેના સ્વરૂપને જાણે છે અને તે સ્થાને અજ્ઞાની હોય તો તેને ભોગવે છે, તેમાં રાગ–દ્વેષ કરે છે તેથી જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાય છે. સુખ દુઃખ એ કર્મના ફળો છે. ઉદય આવેલા કર્મ જ્ઞાનીને સુખ-દુઃખ આપે છે ત્યારે તે જ્ઞાની એમ સમજે છે અને એમ માને છે કે-આ સુખ દુઃખ કર્મમાંથી આવે છે અને તેના માલીકને સુખ દુઃખ આપવા તે કર્મનો સ્વભાવ છે. હું શરીર નથી પણ આત્મા છું.

જીવો કષાયવાળા પરિણામથી કર્મ ગ્રહણ કરે છે અને તે કર્મના બળથી સુગતિ કે દુર્ગતિમાં જાય છે. સુગતિ કે દુર્ગતિ પામીને જીવ ત્યાં નવીન શરીર ગ્રહણ કરે છે. તે શરીરમાં ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે, તે ઇંદ્રિયોદ્વારા વિષયો ગ્રહણ કરાતાં રાગ-દ્વેષ થાય છે, તે રાગ-દ્વેષથી કર્મનો સંગ્રહ થાય છે, તે કર્મના સંગ્રહથી જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**મૂર્ત્ત કર્મનું ફળ મૂર્ત્ત હોય છે, તે અમૂર્ત્ત આત્માવડે ભોગવાય નહિ.** કર્મો પુદ્ગળોનો જ વિકાર છે. તેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે તેથી તે મૂર્ત્ત છે. જેવું ઉપાદાન તેવું કાર્ય થાય છે. સુખ દુઃખનું ઉપાદાન કારણ મૂર્ત્ત હોવાથી સુખદુઃખરૂપ ફળ પણ મૂર્ત્ત છે. જે મૂર્તિક છે તે મૂર્ત્તનું ફળ ભોગવે છે, એથી નિશ્ચય થાય છે કે મૂર્ત્ત કર્મફળ ભોગવનાર સંસારી જીવ કોઇ અપેક્ષાએ મૂર્તિમાન્ કહેવાય છે. આત્મા અમૂર્ત્ત છે છતાં પુણ્યપાપે વશ કરેલો હોવાથી તે મૂર્ત્ત થાય છે. જ્યારે તે પુણ્યપાપથી મુક્ત થાય છે ત્યારે તે અમૂર્ત્ત-દેહ વિનાનો થઇ રહે છે.

પુન્ય અને પાપ બન્ને અપેક્ષાએ સરખાં છે, કેમ કે પુણ્ય તથા પાપ બન્નેથી જન્મ-મરણરૂપ સંસાર અટવીમાં પરિભ્રમણ કરવું પડે છે. પુણ્યથી આત્મા કાંઇ નિર્મળ-શુદ્ધ થતો નથી એટલે આત્માની નિર્મળતા જોવા ઇચ્છતા જીવો તો પુન્ય અને પાપમાં ખાસ કાંઈ વિશેષતા અંગીકાર કરતા નથી-માનતા નથી. આ પુણ્ય-પાપરૂપ પરિણામોનો ત્યાગ કરનારા જ કર્મમળ રહિત થઇ શુદ્ધ આત્માને પ્રગટ કરી મોક્ષમાં જાય છે.

**વિષયસુખ**—વિષયવાસનાથી ચિત્તમાં ચંચળતા ઉત્પન્ન થાય છે. જ્યારે પરિણામની નિશ્ચળતા થાય છે ત્યારે આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય છે. જ્યાં સુધી આત્મામાં નિશ્ચળતા થતી નથી ત્યાં સુધી વારંવાર જન્મ-મરણ આપનાર પુણ્ય-પાપની કર્તવ્યપણાની બુદ્ધિનો આ જીવ ત્યાગ કરી શકતો નથી. જ્યાંસુધી પુણ્ય-પાપનો ત્યાગ કરાતો નથી ત્યાંસુધી કર્મબંધ ચાલુ રહે છે અને જ્યાં-સુધી કર્મબંધ ચાલુ રહે છે ત્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

**સંવર**—સંવરના બે ભેદ: દ્રવ્યસંવર અને ભાવસંવર. ક્રોધાદિક કષાયોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોકવા–ઉત્પન્ન થવા ન દેવા અર્થાત્ ભાવરૂપ કષાયોને રોકવા તે **ભાવસંવર** અને તે કષાયોદ્વારા આવતા કર્મઆશ્રવનું જે રોકવું–કર્મદ્રવ્યનું આવવું બંધ થવું તેને **દ્રવ્યસંવર** કહે છે. કષાયોવાળી મન, વચન, કાયાની શુભ કે **અશુભ** પ્રવૃત્તિ કરવાવડે કર્મો આવે છે, તદ્રૂપ આશ્રવને રોકવો તે **સંવર** છે. કષાયો કર્મથી આવે છે એટલે કે કર્મથી કષાયો ઉત્પન્ન થાય છે, માટે કર્મ અને કષાય બન્નેનો નાશ થવાથી આત્માની પૂર્ણ શુદ્ધિ પ્રગટે છે. કષાય તે **ભાવકર્મ** છે અને પૌદ્ગલિક કર્મ તે **દ્રવ્યકર્મ** છે. દ્રવ્ય અને ભાવકર્મને એકબીજા સાથે બીજ અને વૃક્ષ જેવો અન્યોઅન્ય ઉત્પન્ન કરવાનો સંબંધ છે. વૃક્ષ પહેલું કે બીજ પહેલું તે જેમ કહી શકાતું નથી તેમ દ્રવ્યકર્મ પહેલા કે ભાવકર્મ પહેલા તે કહી શકાય તેવું નથી, છતાં વૃક્ષનો સમૂળ નાશ થવાથી આગળ તેની પરંપરા ચાલતી નથી તેમ કષાય અને કર્મનો નાશ થવાથી તેની આગળ વધતી પરંપરા નાશ પામે છે અને તેથી આત્માની પરમ વિશુદ્ધિ પ્રગટ થાય છે. કષાયોથી કલુષિત–મલીન થયેલો જીવ પરદ્રવ્ય–જડ માયામાં પ્રવૃત્તિ કરે છે, પરદ્રવ્યમાં પ્રવૃતિ કરતાં આત્મજ્ઞાન દબાય છે–તેને હાનિ પહોંચે છે. આત્મબોધની હાનિ થતાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે.

**કષાય દૂર કરવાના સાધનો**—વિવિધ પ્રકારના હિંસામય આરંભોને તથા તેના કારણોનો ત્યાગ કરવો, જડ અને ચૈતન્ય બન્નેનું સારી રીતે જ્ઞાન કરવું, પુન્ય તથા પાપજન્ય ઇચ્છાઓ મૂકી દેવી, લોકવ્યવહાર કે જેમાં ધર્મ નથી પણ ગાડરીયા પ્રવાહની માફક નિશાન બાંધ્યા વિના ચાલવાનું હોય છે તેનો ત્યાગ કરવો–તે તરફ ઉદાસીનતા રાખવી અને વિશુદ્ધ દર્શન, જ્ઞાન તથા ચારિત્રમય નિર્મળ આત્માનું અંતરાત્માવડે ધ્યાન કરવું તે કષાય દૂર કરવાના સાધનો છે.

કષાય તથા આરંભમાં પ્રવૃત્તિ કરવી, જડ ચૈતન્યના ભેદનું જ્ઞાન ન કરવું, પુન્યમાં અભિલાષા રાખવી, લોકવ્યવહારમાં આસક્ત થવું અને વિશુદ્ધ આત્માનું ધ્યાન ન કરવું એ સર્વ કષાયોની વૃદ્ધિ થવાના કારણો દૂર કર્યા સિવાય કષાયોનો નાશ ન જ કરી શકાય.

આ પુદ્ગળો વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શવાળાં છે, શુભ અને અશુભ છે, ચેતન અને અચેતન છે, મૂર્તિમાન છે તેને આત્માની સાથે સંબંધ ન હોવાથી આત્માને તે સુખ દુઃખ કેવી રીતે આપી શકે ? અર્થાત્ ન જ આપી શકે, છતાં અજ્ઞાની જીવો તે પુદ્ગળમાં રાગદ્વેષ કરે છે. કોઇ પણ પુદ્ગળ આત્માનો નિગ્રહ કરવા કે આત્માનો અનુગ્રહ કરવા શક્તિમાન નથી માટે નિશ્ચય દષ્ટિ જીવોએ તે પુદ્ગળોને વિષે કોઇપણ સ્થળે રાગદ્વેષ કરવા યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પુદ્ગળના પરમાણુઓ રાગ, દ્વેષ, ક્રોધ, માન આદિ ભાવકર્મ રૂપે પરિણમ્યા છે તે અપેક્ષાએ તે ચેતનરૂપ મનાય છે. રાગદ્વેષ આદિ પુદ્ગળના પર્યાયો છે છતાં તે આત્માના વિભાવ પરિણામ કહેવાય છે. આ અપેક્ષાએ પુદ્ગળને અમૂર્તિક કહેલ છે; નહિંતર પુદ્ગળો મૂર્તિમાન કહેવાય છે અને રાગ-દ્વેષને અચેતન મનાય છે.

આ પુદ્ગળોથી આત્માનું સ્વરૂપ ભિન્ન છે છતાં અજ્ઞાનતાને લીધે જીવ સારા પુદ્ગળાદિકમાં રાગ અને નિંદિત પુદ્ગળમાં દ્વેષ કરે છે.

મૂર્તિમાન શરીરો અમૂર્ત આત્માનો અનુગ્રહ કે નિગ્રહ કરી શકતા નથી. તત્ત્વથી હું જે ચેતનસ્વરૂપ છું તેનાથી અચેતન જુદું છે, મારો દેહ પણ મને અનુગ્રહ કે નિગ્રહ કરવાને સમર્થ નથી તે શરીરનો હું નિગ્રહ કે અનુગ્રહ કરું છું એમ હું માનું છું તે મારી બુદ્ધિ વૃથા છે અર્થાત્ મારી મહેનત નકામી છે. મોહાધીન જીવો જ આ મિથ્યા કલ્પનાઓ કરે છે.

નિશ્ચય દૃષ્ટિએ ઇંદ્રિયોના વિષયો જ્ઞાન, દર્શન, ચારિત્રનો નાશ કરતા નથી તેમ નિરંતર સેવા કરાયેલ ગુરુ આદિ તે જ્ઞાનાદિ ગુણોને કરતા નથી, આપતા નથી. પરિણામી જીવને તે ગુણો પોતાની મેળે પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને પર્યાયરૂપે વિનાશ પામે છે. પોતે પણ તે ગુણો ઉત્પન્ન કરી શકતો નથી તેમ બીજો પણ કોઇ વખત તેનો નાશ કરી શકતો નથી.

ઇંદ્રિયોના વિષયોથી જ્ઞાન, દર્શન, ચારિત્રનો નાશ થાય છે અને ગુર્વાદિની સેવા કરવાથી જ્ઞાનાદિની પ્રાપ્તિ-ઉત્પત્તિ થાય છે. આ વાત વ્યવહાર દૃષ્ટિએ બરાબર છે. તાત્ત્વિક દૃષ્ટિએ તપાસતાં માલૂમ પડે છે કે આત્મા જ્યાંસુધી પરિણામી હોય છે-શુભાશુભ ઉપયોગે પરિણમે છે ત્યાંસુધી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનપણે પરિણામ પામ્યા કરે છે. આ પરિણામો પણ એક અપેક્ષાએ આત્માના છે. આત્માના નવીન ગુણો ક્યાંયથી આવતા નથી તેમ તેનો નાશ પણ થતો નથી. જો ગુણનો નાશ થાય તો આત્માનો પણ નાશ થાય, કેમ કે ગુણ અને ગુણીનો અભેદ સંબંધ છે. વિભાવિક ગુણ તો દૂર થઇ શકે છે પણ સ્વાભાવિક ગુણોનો નાશ થતો નથી તેમ તેની ઉત્પત્તિ પણ થતી નથી. આત્માના પર્યાયોમાં ગૌણતા મુખ્યતા બને છે પણ સર્વથા ઉત્પત્તિ કે સર્વથા નાશ બનતો નથી, શરીરાદિ પણ આત્માના નથી એ તાત્ત્વિક દૃષ્ટિ છે.

આ પ્રમાણે જેઓ સ્વપર દ્રવ્યને જાણીને સ્વદ્રવ્યને સ્વપણે અને પરદ્રવ્યને પરપણે સદા માને છે તે આત્મતત્ત્વમાં રક્ત થયેલો યોગી સંવર કરે છે.

( ચાલુ ) મુમુક્ષુ મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૯૬)

## જિંદગી ટૂંકી છે અને તે વખતની બરબાદીથી વધારે ટૂંકી થાય છે

જીવી જીવીને માણસ જીવે તો એ કેટલું જીવે ? ખૂબ ધડાકો મારી બોલી દઇએ તો સો વર્ષ ! અત્યારે તો પીસ્તાળીશથી આગળ વધે એટલે ' ઘરડા ' કહેવાય છે અને વન વટ્યા તો જાણે ભાગ્યશાળી ગણાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ આદિ અનેક શત્રુઓ જીવનને ટૂંકું બનાવી દે છે અને છતાં કદાચ પૂરાં સો વર્ષ જીવાય તો યે ઘણાં કામ અધૂરાં રહી જાય છે. પોતાનાં સર્વ કાર્ય પૂરાં કરી, ખમતખામણાં કરી, વાનપ્રસ્થ થઇ, મરણની રાહ જોતા બેસે એવા વીરલા તો જવલ્લેજ મળશે. કદી સાધારણ રીતે પચાસ સાઠ વર્ષ જીવ્યાં તો તેમાં પણ શું ? પચીશેક વર્ષ તો તૈયારીમાં જાય અને બાકીનાં શોક, સંતાપ, જીવનકલહ અને ચિંતામાંથી મુક્ત વર્ષો ગણીએ તો વાતમાં કાંઇ માલ નથી–એવું આધેડ વય સુધી પહોંચનારને જરૂર લાગે તેમ છે. ગમે તે દૃષ્ટિબિન્દુથી જોઇએ તો જિંદગી ઘણી ટૂંકી છે એમ લાગ્યા વગર રહે તેમ નથી. આ કારણે મરવાની વાત ઘણાખરાને ગમતી પણ નથી અને વ્યવહારરસીઆને તો એ શબ્દનું ઉચ્ચારણ પણ અપશુકનથી ભરેલું લાગે છે.

આવા ટૂંકા જીવનની જે થોડી પળો મળે તેને યોગ્ય રીતે કરકસરથી ખરચવી જોઇએ. એને તો મુસીબતે સાંપડેલ ધનની પેઠે વાપરવી જોઇએ. એની સાથે નકામાં ચેડાં ન કદાય. યાદ રાખવું ઘટે કે આવો અવસર ફરી ફરીને મળવાનો નથી. તેમ જાણ્યા છતાં નકામી કુથળી કરવામાં, ગપ્પાં મારવામાં, પારકી નિંદા કરવામાં, ખાવાપીવાની ખટપટો કરવામાં, લોકોને લડાવી મારવામાં કે આળસમાં પડ્યા રહેવામાં એક ક્ષણ પણ કેમ જવા દેવાય ? માણસને એકને એક દીકરો ઘડપણમાં સાંપડ્યો હોય તેના જેટલું એનું ( સમયનું ) જતન કરવું જોઇએ. **' ખીણ લાખીણો જાય '**, અને **' એક સમય પણ પ્રમાદ ન કર '**—આ સૂત્રોને હૃદય પર ચીતરી રાખવા ઘટે. અનેક વાર તકો મળી તે ગુમાવી છે, પણ આ વખત તો મળેલ તકનો લાભ લેવો છે એવો નિશ્ચય કરી એક ક્ષણ પણ નકામી ન જવા દેવી ઘટે. ' વખત એ ધન છે. ' એના સંબંધમાં જે ગાફેલ રહે તે મોડો મોડો પસ્તાય. ઘડીની રેતીના પ્રત્યેક કણનાં મૂલ્ય છે અને એને મૂલવનાર જીવન જીવી જાણે છે. અતિ ટૂંકી જિંદગીને વખતની બરબાદી કરી સમજુ માણસ વધારે ટૂંકી ન જ કરે. વખતસર કામ કરનાર, નકામી બાબતો માથાં ન મારનાર, સાધ્યને દૃષ્ટિ સન્મુખ રાખનાર, વ્યવહારમાં વધારો પડતો નકામો રસ ન લેનાર આનંદથી જીવે છે, ટૂંકું પણ મુદ્દામ જીવન જીવે છે અને અવસર આવે ત્યારે આનંદગાન કરતો પંથે પડી જાય છે. કુશળ માણસ વખતની સાચી કિંમત કરે છે.

---

" Life however short, is made still shorter by waste of time"

JOHNSON. ( 3-8-3[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬૭ )

**" આપણી ઇચ્છામાં આવે તે કરવાને આપણે આ દુનિયામાં આવ્યા નથી, પણ જે કરવાની આપણી ફરજ હોય તે કરવા માટે આવ્યા છીએ. "**

અંકુશ ન હોય તો ખાવામાં, પીવામાં, ઇંદ્રિયોના વિષયોના ઉપભોગમાં અને શક્તિ વેડફી નાખવાનાં કામોમાં આ પ્રાણી ઓછો ન ઉતરે. મુખ્યતાએ અંકુશ બે પ્રકારના હોય છે: એક પોતે જે વર્તુળમાં ફરતો હોય છે તેમાં પોતે માનભંગ થઇ જાય તેની આકાંક્ષાજન્ય અને બીજું વિચારશીલ વિવેકી હોય તો પ્રત્યેક કર્મનું ફળ ભોગવવું પડે છે વહેલું યા મોડું-એ ન્યાયની માનસિક ખાતરીજન્ય. આવા બહારના અને અંતરના અંકુશ વગરનો જે આદમી હોય છે તેને તો 'જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ' વાળી વાત થાય છે. એને કોઇ વાતની મર્યાદા રહેતી નથી, કોઇ વિષય એને અગમ્ય નથી, કોઇ લાલચ પર અંકુશ મૂકવાની એનામાં તાકાત હોતી નથી કે એને તેની જરૂરીઆત લાગતી નથી. આવા સ્વભાનભૂલેલાં, તાત્કાળિક ઇચ્છાને તૃપ્ત કરવામાં આનંદ માનનારા, ખાધું-પીધું કે ભોગવ્યું એ જ પોતાનું છે એવા જીવનવ્યવહારવાળા ક્ષણિક મોહમાં જીવન પૂરું કરી નાખી આખરે હારેલ જુગારીની જેમ રડતી આંખે ચાલ્યા જાય છે અને તેમના જીવનપટ પર પડદો પડી જાય છે.

જાહેર જીવન લઇએ કે ખાનગી વ્યવહાર લઇએ, આપણા પ્રત્યેક જીવનપ્રસંગની પછવાડે કાંઇ પણ ઉદ્દેશ હોવો જોઇએ, કોઇ વિશિષ્ટ આદર્શ હોવો જોઇએ, કોઇ અપૂર્વ ભાવનાની સિદ્ધિ હોવી જોઇએ. એવા પ્રકારનું જીવન એ ખરું જીવન છે; બાકી તો નકામો ફેરો છે, અર્થવગરનો આંટો છે અથવા ઘાણીના બળદ જેવો અપ્રગતિદર્શક ગોળ ચકરાવો છે. આપણા મનમાં આવે તે કરવાનો આ જીવનનો ઉદ્દેશ નથી, પણ આપણે જે કર્તવ્યભૂમિમાં મૂકાયા હોઇએ, તેને અંગે આપણને જે કર્તવ્ય પ્રાપ્ત થતું હોય તે ખૂબ આનંદથી કરવા આપણે આવ્યા છીએ. આપણા માબાપ તરફ, આશ્રિતો તરફ, શિક્ષાગુરુ તરફ, સંતતિ તરફ આપણી ફરજો છે, આપણો સમાજ આપણી આવડત જોઇ આપણી તરફથી અમુક કાર્યની આશા રાખે છે, આપણો રાષ્ટ્ર આપણી નાની મોટી સેવા માગે છે. આવી અનેક કર્તવ્યની વેદી ઉપર આપણે યથાશક્તિ સંયોગાનુસાર આપણો ફાળો આપવો ઘટે. [illegible]વાનું હોય તે ખૂબ હોંશથી કરવું, આનંદથી કરવું, પ્રેમથી કરવું અને કર્તવ્ય સમજીને કરવું. [illegible]ીને કે વગરકર્યે અંતે જવાનું તો છે જ, તો પછી આપણે સમજુ હોઇએ કે વ્યવહારકુશળ [illegible]એ તો સાધ્ય સન્મુખ રાખી, કર્તવ્યની નજરે ધપાવીએ તેમાં જ આપણને આનંદ હોઇ શકે. [illegible]નજીભાઇને રાજી રાખવા જઇએ, તો મનોરથ ભટ્ટનો ખાડો તો કદી પૂરાણો નથી અને [illegible]એ પૂર્યો નથી. આપણું કર્તવ્ય તો આપણી ફરજની બજવણી છે. એ એક જ લક્ષ્ય હોય [illegible]ને ગમે તેટલા ભોગે તેની પાલના થાય એટલે આપણે ત્યાં તો પુત્રજન્મ જેટલો આનંદ [illegible] ઇચ્છાના દાસ થઇએ તો આપણું વહાણ ગમે તે ખરાબે અથડાઇ ભાંગીને ભૂક્કો થઇ [illegible] અને કર્તવ્યની વેદી પર મરી જઇએ તો પણ 'જય જય નંદા, જય જય ભદ્દા' થાય. [illegible]વ્યપાલન એ વિશુદ્ધ જીવનની સાચી કસોટી છે અને કુશળ જીવનનું સ્પષ્ટ પ્રદર્શન છે.

" We are not in this world to do what we wish, but to be willing to that which is our duty to do." GOUNOD. ( 1-8-36. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬૮ )

**“ નીતિની નજરે સરસમાં સરસ ચીજ તો લાલચની નજીક રહેવું, અને છ લાલચથી થાય તે કરી લે એમ કરવા દેવું એ જ છે; પણ તેનાથી ઉતરતા દરજ્જાની અને સર્વથી સલામત અને એકંદરે સર્વથી સારી ચીજ લાલચથી બને તેટલા દૂર રહીને તેને આધીન થવાની શકયતા ઓછી કરવી તે છે ”.**

દુનિયા પર વિજય મેળવનાર અને ખરેખરું આત્મહિત સાધનાર મહાન વિભૂતિઓ બે વિભાગ પડે છે: એક **લાલચોની** વચ્ચે રહી તેની સામે મોરચા માંડે અને તેના પ વિજય મેળવે. ગમે તેવા સ્વરૂપવતી લાવણ્યવાળી સ્ત્રી હોય તે એને લલચાવી શકે નહિ વિકટ આક્રમણના પ્રસંગે એના મનની શાંતિ ભાંગે નહિ, લાખો રૂપિયાની લાંચ આપવા કો આવે તેની સામું પણ એ જુએ નહિ, પણ ઉલટું એ માણસને કહે કે ' તારા જેવા આપના અનેક આવશે પણ મારા જેવો ના પાડનારે નહિ મળે. ' એને દંભ ન હોય, અભિમાન ન હોય લોભ ન હોય. ગમે તેવા પ્રસંગો આવે પણ એ ત્રણ કાળમાં મન–વચન–કાયાને એકસરખ રીતે પ્રવર્તાવે અને ત્રણેની એકવાકયતા રાખે, એ સંસારમાં રહી પ્રત્યેક મનોવિકાર સામે ટ અને આકરા આકર્ષક કડવા–મીઠા પ્રસંગમાં પોતાનું વ્યકિતત્વ નૈસર્ગિક રીતે જ જાળવી શકે

બીજા પ્રકારના મહાનુભાવો વિકારથી ડરી જંગલમાં ચાલ્યા જાય છે. એ ધનન સ્ત્રીના કે પરિગ્રહના પ્રસંગમાં આવવા જ ઇચ્છતા નથી. પગને કાદવમાં ખરડી સા કરવાને બદલે એ પગ બગડવાના પ્રસંગમાં જ આવતા નથી.

**બેકન** એક પ્રસંગે કહે છે કે કાચા હીરામાં એબ હોય તેને ઘસતાં આવડે તો ક અને એનું મૂલ્ય વધાર; પણ એને ઘસતાં ન આવડે–ઘસતાં આખો હીરો જ ઘસાઇ જ તેમ હોય તો એને ઘસવો જ નહિ એ જ સારું છે.

એ પ્રમાણે દુનિયાની **લાલચ**માં પડતાં આપણે જ આખા તણાઇ જઇએ તેમ હો આપણું **મનોરાજ્ય** તેને તોડવા જેટલું બળવાન ન હોય તો તેના પ્રસંગમાં જ પડવા જે નથી. **લાલચ**માંથી આબાદ પાર ઉતરવાની અને તે પણ તદ્દન અલિપ્ત રહેવાની અસાધા તાકાત હોય તો જ એમાં પડવા જેવું છે. કામદેવના ઘરમાં જઇ કામદેવને જીતી આવ **શકડાલ પુત્ર સ્થૂલભદ્ર** જેવા તો કોઇ વીરલા નીકળે, બાકીનાને માટે તો એનાથી ભાગવામાં જ મજા છે, નહિ તો દુષ્કરકાર સિંહગુફાવાસી મુનિ જેવી દશા જરૂર થાય.

આ બન્ને વર્ગના પ્રાણીઓ વંદનીય જ છે. તારું આત્મવીર્ય કેવા પ્રકારનું છે તેન તપાસ કર અને તારું સ્થાન શોધી લે. લાલચો ઉપર વિજય તો મેળવવો જ જોઇએ. રીતે ? તે માટે પોતાના વ્યક્તિત્વ પર આધાર રાખે છે. કુશળ માણસો પોતાની જાત માપક યંત્ર મૂકી પોતાને યોગ્ય રીતિએ કામ સાધી લે.

---

" The finest thing one can do, morally, is to live within arm's len of temptation, and let it alone. But the next finest thing, and the sa thing, and the least thing on the whole, is to decrease one's liab to temptation by increasing one's distance from it " ( 19-8-36 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રેશમનું કારખાનું

શ્રીનગર (કાશ્મીર)માં, રેશમનું એક મોટું કારખાનું ચાલે છે. એમ કહેવાય છે કે હિંદુસ્તાનમાં એના જેવું મોટું બીજું કારખાનું નથી. શ્રીનગરમાં પંદર-સોળ દિવસ રહેવા છતાં જો આ કારખાનું ન જોઈએ તો આપણે એક જોવા જેવી વસ્તુ ન જોઈ શક્યા એમ કહેવાય. અમારા ઓરગેનાઇઝરે એટલા માટે આજે એ કારખાનું જોવા જવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

કારખાનું જોવા માટે આગળથી પરવાનગી મેળવવી પડે છે. ઘણા પ્રેક્ષકો આવતા હોવાથી પરવાનગી લેવાની સખત વિધિમાંથી પસાર થાય તે જ આ કારખાનું જોઈ શકે.

કારખાનામાં અમે શું જોયું ? ઓછામાં ઓછા પાંચ સો માણસો, ન્હાની ન્હાની સુંડલીઓ ભરીને, રેશમના કીડાઓને ઉન્હા-ખદબદતા પાણીમાં ઝબોળતા હતા. સુંડલીઓ ઠલવાતી હતી અને કીડાઓના કોશેટામાંથી કરોળીયાની જાળ જેવું રેશમ છૂટું પડતું હતું.

આપણે જે રેશમનો તાંતણો જોઈએ તે ઓછામાં ઓછા છ-સાત મૂળ તાંતણાનો બનેલો હોય છે. રોજ હજારો કે લાખોના હિસાબે નહીં, ટનના હિસાબે કીડાઓની કતલ થતી હશે. આ સંહાર જોઈને એક ભાઇ બોલી ઉઠેલા:

" આ તો આપણું-હિંદુઓનું કસાઇખાનું છે. "

એ પછી અમે જ્યાં આગળ કીડાઓ ઉછેરવામાં આવે છે તે સ્થાને ગયા. મોટી ઇયળ જેવા કીડાઓને, સેતુરના પાંદડાની પથારીમાં ખૂબ માવજતપૂર્વક રાખવામાં આવતા હોય એમ ત્યાં અમે જોયું. આ ઇયળોની સંભાળ લેનારા માણસો, કેટલી મૃદુતાથી-ચીવટથી એમને ફેરવે છે? આઠ-દશ દિવસ પછી એ જ કીડાઓને ગરમ-ખદબદતા પાણીમાં ઝબોળી એ લોકો સંસારના શોખીનો માટે રેશમી-ચમકદાર વસ્ત્રો પૂરાં પાડે છે.

મને થયું કે જો આ કીડાઓને ઊનો નિઃશ્વાસ નાખવાની-દુઃખની ન્હાની સરખી ચીસ પાડવાની તાકાત હોત તો લાખો પ્રાણીઓની છેલ્લી-મરણ વખતની એક સામટી ચીસ કસાઇના કાળજાને પણ આર્દ્ર બનાવી દેત !

સ્ત્રી-પ્રેક્ષકો ઉપર આ હિંસાની ભારે અસર થતી દેખાઇ ! પણ એ અસર રેશમી કાપડની દુકાનના ઓટલા ઉપર ચડતાં જ ભૂંસાઇ જવાની ! આજનો વૈરાગ્ય બે દિવસ પછી સ્મશાન-વૈરાગ્ય બની જવાનો !

ત્યાં કીડાઓના સંહારકો, કપાળમાં કેસરના ચાંલ્લા કરી, રેશમની વિવિધ પ્રક્રિયાઓ અમને સમજાવતા હતા ! એમના કેશરના ચાંલ્લા જોઇ, જાણે કે હું કોઇ અંધશ્રદ્ધાળુ જૈનસમાજમાં આવ્યો હોઉં એમ ભાસતું ! કપાળમાં કેસર અને કામ તો કસાઇનું !

એ જૈન નહીં હોય. અહીં કેસર બહુ નીપજે છે તેથી હિંદુ તરિકે એમણે કેસરના ચાંલ્લાથી કપાળ દીપાવ્યું હશે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજ્ઞાનનું પ્રાબલ્ય

## ( તેની ધર્મકરણી પર અસર )

શ્રી સુરતથી ગયેલી શિખરજી તરફની એક સ્પેશીયલ ટ્રેનમાં ગયેલા એ યાત્રાળુએ સ્પેશીયલના સંબંધમાં કેટલુંક વિરુદ્ધતાવાળું છપાવેલું તે ઈર્ષ્યાળુની કઃ નજરનું પરિણામ છે એમ બતાવીને પછી સાથેના ૪૦૦–૫૦૦ યાત્રાળુઓની ધર્મઘેલછ માટે લખ્યું છે કે–" અમારી સ્પેશીઅલમાં વૃદ્ધ સ્ત્રી પુરુષો સો લગભગ હત જ્યાં ટ્રેનમાંથી ઉતરી દશ પાંચ માઈલ જવાનું હોય ત્યાં યુવાન સ્ત્રી પુરૂષો વૃદ્ધો ધક્કા મારી, મોટર વિગેરે વાહનમાં ચડી બેસતા. જ્યાં દર્શન-પૂજા કરવાનું હો ત્યાં પણ ધક્કાધક્કી કરી વૃદ્ધોને દર્શન–પૂજાનો લાભ લેવા નહોતા દેતા. એટલું: નહીં પણ પાંચ છ વૃદ્ધોના માર્ગમાં મરણ થયા તેનો અગ્નિસંસ્કાર કરવા માટે કો પણ યાત્રાળુ પોતાને પૂજામાં અંતરાય પડવાનું કહીને આવતા નહોતા. એ સંબંધ ગમે તેટલું કહીએ પણ તેની અસર થતી નહોતી.

સ્વામીવચ્છલ તરીકેના જમણમાં પણ દોડાદોડી કરી પહેલા બેસી જ ખાવું હોય તે કરતાં વધારે ભાણામાં લઈ એઠું મૂકતા, બગાડ કરતા, એઠવાડ પ્રમાણ રાખતા નહોતા અને વૃદ્ધોને બેસવાની જગ્યા પણ આપતા નહોતા."

આ બધું અજ્ઞાનતાનું પરિણામ હતું, યાત્રાનું કે ધર્મનું ખરું સ્વરૂપ સમજ વિના ધર્મી કહેવરાવવું છે અને જ્યાં ત્યાં દોડાદોડ કરી આગળ પડવું છે. ચૈ વંદનાદિક કરતી વખત પણ તેની અજ્ઞાનતા બહાર આવે છે. પોતાનો કંઠ સા ન હોય, શુદ્ધ બોલતાં આવડતું ન હોય છતાં બીજા મનોહર શબ્દથી સ્તવન બોલતા હોય તેને ડોળી નાખે છે. શ્રી શત્રુંજયાદિ તીર્થે ગમે તેટલો બંદોબસ્ત રાખ છતાં અને ક્રમ બાંધી આપ્યા છતાં મૂળનાયકની પૂજા કરવામાં વિવેક રાખ નથી. પ્રભુની ભક્તિને બદલે આશાતના કરે છે. સહજ વાતમાં કષાય કરીને તેમ બોલે છે. સભ્યતા ને વિનય તો ભૂલી જ જાય છે. આવી અનેક બાબતો અ નને પરિણામે દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તે સંબંધમાં ગમે તેટલું કહેતાં સમજાવતાં તેની અસર થતી નથી. આ બાબત તો ખાસ ગુરુમહારાજ ધ્યાન આ શ્રાવકશ્રાવિકા તરિકેની ફરજ સમજાવે અને તેનો અમલ કેવો થાય છે તેની ચો ધરાવે તો કાંઈક વિવેક આવવાની આશા રહે છે. તે સિવાય તો વર્ષો સુધી એવી એવી અજ્ઞાનભરેલી કરણી કર્યા કરવાના છે અને પોતાને ધર્મી કહેવરાવવાને મો આગળ પડવાના છે.

**સં. કુંવરજી**

---

રેશમી વસ્ત્રનો મોહ જેમનાથી મૂકી શકાતો ન હોય તેમણે આવું પણ એકાદ કારખાનું જોઇ લેવું ! કારખાનું જોયા પછી રેશમ પ્રત્યે અણ ન આવી જાય એટલા માટે પ્રેક્ષકોને મહામુસીબતે પરવાનગી મળે એવી કાર સ્ટેટે વ્યવસ્થા કરી હશે ? કોણ જાણે ? ( 'જૈન' પત્ર ) સુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—મુનિ પ્રેમવિમળ-સાણંદ )

**પ્રશ્ન ૧**—રાત્રિ પૌષધ કરનાર સ્ત્રી-પુરુષા કાનમાં કુંડળ (રૂનું પુંભડું) રાખે ?

**ઉત્તર**—રાખે છે ને રાખવું જોઇએ.

**પ્રશ્ન ૨**—આંબિલમાં **મમરા** વાપરી શકાય ?

**ઉત્તર**—વાપરી ન શકાય. વાપરવાની પ્રવૃત્તિ પણ નથી. તે બનાવવામાં પલાળી રાખવા પડે છે વિગેરે ક્રિયાના કારણથી ન વાપરવા ઠીક જણાય છે.

**પ્રશ્ન ૩**—કોઈ દ્રવ્યવાન મનુષ્ય ધર્માદા દ્રવ્ય કહ્યા સિવાય મૃત્યુ પામે, તેની પાછળ તેના પુત્રાદિક તેના શ્રેય નિમિત્તે ધર્માદાખાતામાં દ્રવ્ય વાપરે તો તેનું પુન્ય મરી જનારને મળે ?

**ઉત્તર**—ન મળે, હયાતિમાં કહી ગયેલ હોય અને અનુમોદના કરી હોય તો મળે, તે વિના તો દ્રવ્ય વાપરનારને ફળ મળે.

**પ્રશ્ન ૪**—કોઈ સ્ત્રી પતિની આજ્ઞા લીધા સિવાય અમુક મુદત માટે ચતુર્થ વ્રત ઉચ્ચરે, ત્યારપછી મુદત પૂરી થયા અગાઉ તેનો પતિ તેનું વ્રતભંગ કરે તો સ્ત્રીને તેનો દોષ લાગે ?

**ઉત્તર**—જરૂર લાગે. સ્ત્રીએ ચતુર્થ વ્રત પતિની હયાતિમાં પતિની આજ્ઞા મેળવીને જ લેવું જોઇએ. એમાં સ્વતંત્રતા ન ચાલે, પરંતુ જો અણમાનીતી કરીને તજી દીધી હોય ને બીજી સ્ત્રી પરણેલ હોય તો તેવી સ્ત્રીને પ્રતિબંધની જરૂર જણાતી નથી.

**પ્રશ્ન ૫**—સ્ત્રીઓ નમોઽર્હત્ અને નમોઽસ્તુ વર્ધમાનાય તેમ જ વિશાલલોચન પ્રતિક્રમણમાં બોલતી નથી તેનું શું કારણ ?

**ઉત્તર**—એ ત્રણે વસ્તુ પૂર્વમાંથી ઉદ્ધરેલી છે. પૂર્વ ભણવાની સ્ત્રી જાતિને આજ્ઞા નથી તેથી આ વસ્તુ શીખવાની ને બોલવાની પણ આજ્ઞા નથી એમ સમજવું.

**પ્રશ્ન ૬**—નમોઽસ્તુ વર્ધમાનાય ને વિશાલલોચનને બદલે સંસારદાવાની સ્તુતિ ત્રણ જ બોલે છે તેનું શું કારણ ?

**ઉત્તર**—નમોઽસ્તુ વર્ધમાનાય ને વિશાલલોચનની ત્રણ ત્રણ ગાથા હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારદાવાની પણ ત્રણ જ ગાથા બોલે એ નિયમ બાંધેલ છે. ચોથી સ્તુતિ શાસનના દેવ–દેવી સંબંધી છે, તે બોલવાની અહીં જરૂર નથી.

**પ્રશ્ન ૭**—કેટલાક કહે છે કે આબૂ પર્વતમાં એવી ઔષધિ થાય છે કે જે ખાવાથી આઠ દિવસ સુધી ભૂખ ન લાગે તો તેવી ઔષધિ ખાઇને અઠ્ઠાઇ કરે તેને આઠ દિવસના ઉપવાસનું ફળ મળે ?

**ઉત્તર**—ફળ જરૂર મળે, પણ એમાં વિચાર એ કરવાનો છે કે તપ કરવાનો હેતુ શું છે ? તેનો હેતુ ઇચ્છાનો રોધ કરવાનો છે. આમાં ઇચ્છારોધ કરવો પડતો નથી. ફળ મળવાનું કારણ આગલા દિવસ સાથે સંબંધ ધરાવતું નથી. વળી ઉપવાસ સાથે બીજી પણ ધર્મકરણી જિનપૂજા, વ્યાખ્યાનશ્રવણ, ગુરુવંદન, બે ટંક પ્રતિક્રમણ, સજ્ઝાય ધ્યાન વિગેરે થતાં હોય તે કરતાં તે દિવસોમાં જરૂર વધારે થાય છે તેથી તેવી અઠ્ઠાઇને ફળવાળી કહેવામાં વિરોધ નથી.

**પ્રશ્ન ૮**—કોઈ શ્રાવક કે સાધુ એકસાથે વધારે ઉપવાસોનું પચ્ચખ્ખાણ લેય અને પછી શરીર અશક્ત થતાં શક્તિ આપનાર દવાનું ઇંજકશન લેવાની કોઇ સલાહ આપે તો લઈ શકે ખરા ? ઇંજકશન લેવાથી તેના ઉપવાસનો ભંગ થાય ?

**ઉત્તર**—બહિર્દૃષ્ટિએ ઉપવાસનો ભંગ ન જણાય, કારણ કે તેમાં કવળાહાર થતો નથી, પરંતુ ઇંજકશનમાં અપાતી દવા પ્રાયે વર્જ્ય હોવાથી કોઇપણ રીતે તે પ્રવૃત્તિ સ્વીકાર કરવા યોગ્ય જણાતી નથી.

**પ્રશ્ન ૯**—એકાસણુ કે આયંબિલ વિગેરે કરનાર એકાસણુ વિગેરે કરતાં કેટલા વખત સુધી બેસી શકે ?

**ઉત્તર**—એને માટે ચોક્કસ ટાઇમ લખેલ નથી પરંતુ વ્યવહારદૃષ્ટિએ વિચારતા બે ઘડીથી વધારે બેસવું યોગ્ય લાગતું નથી.

**પ્રશ્ન ૧૦**—તેલ વિગયના ત્યાગવાળો એરડીયું અથવા બીજું વરીયાળી વિગેરેનું તેલ વાપરી શકે ?

**ઉત્તર**—તેલ વિગયમાં પચ્ચખ્ખાણ ભાષ્યમાં બતાવેલા ચાર પ્રકારના તેલ સિવાય બીજા તેલ તેલ વિગયમાં ગણાય નહીં, તેથી તેલ વિગયના ત્યાગવાળાને એરડીયું વિગેરે વાપરવામાં બાધ જણાતો નથી.

**પ્રશ્ન ૧૧**—પાંચ મહાવ્રતધારીને કોઇ એવી બાબત પૂછે કે જેનો ઉત્તર આપવાથી તેની માનહાનિ થાય તેમ હોય તેથી તે જવાબ ન આપતાં મૌન ધારણ કરે તો તેથી તેને માયામૃષાવાદનો દોષ લાગે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—માયામૃષાવાદનો દોષ બોલે તો જ લાગે. મૌનપણાથી ન લાગે. એ ખોટો બચાવ કરતા નથી એટલું જ બસ છે. તેમાં માયાનો સદ્ભાવ જણાય છે.

**પ્રશ્ન ૧૨**—કરોળીઆની જાળમાં બીજા અનેક જીવો ફસાઇને મરણ પામે છે તેને બચાવવા માટે કોઇ તેની જાળ કાઢી નાખે તો તેને મર્કટસંતાન (કરોળીયાની જાળ)ના આક્રમણનો દોષ લાગે કે નહીં ?

**ઉત્તર**—તોડનારનો હેતુ શ્રેષ્ઠ હોવાથી અને કરોળીઆને. એમાં બહુ હાનિ કે તેની પ્રાણહાનિ ન હોવાથી દોષનો સંભવ જણાતો નથી. બાકી ખરી રીતે તો એવી જાળ ન બંધાય તેને માટેજ ઉપયોગ રાખવો જોઇએ. શ્રાવકનો ધર્મ ઉપયોગ રાખવાથી જ પાળી શકાય છે.

**પ્રશ્ન ૧૩**—કોઇ સુવાવડી સ્ત્રીની સારવાર યોગ્ય રીતે ન થવાથી તેની સ્થિતિ ભયવાળી થઇ પડે તેવે વખતે કોઇ સ્ત્રી તેને ત્વરિત સહાય કરે–યોગ્ય સારવાર કરે તો તેને કાંઈ દોષ લાગે કે પુન્ય થાય ?

**ઉત્તર**—કોઇ પણ મનુષ્યને એવે વખતે સહાય કરવી કે સારવાર કરવી તેમાં દયા સમાયેલી હોવાથી પુન્યબંધનો જ સંભવ છે. સુવાવડ કરનારને આલોયણ આપવાની પ્રવૃત્તિને લઇને સેવાધર્મનો નાશ થવા લાગ્યો છે તે વાત વિચારવા યોગ્ય છે.

**પ્રશ્ન ૧૪**—શ્રુતજ્ઞાન સંપૂર્ણ ન હોય તેને અવધિજ્ઞાન થઇ શકે ? અને થાય તો તે થયા પછી શ્રુતજ્ઞાન પૂર્ણ થઇ જાય ?

**ઉત્તર**—એ બે જ્ઞાનને એવો સંબંધ જ નથી. વળી અવધિજ્ઞાનના તો તરતમ યોગે અસંખ્ય ભેદ છે. સમકિતદૃષ્ટિ ચારે ગતિના જીવોને અવધિજ્ઞાન થાય છે અને સંપૂર્ણ શ્રુતજ્ઞાન દ્વાદશાંગીરૂપ તો મનુષ્ય ગતિમાં મુનિરાજને જ થાય છે. અવધિજ્ઞાનીને શ્રુતજ્ઞાન કેટલું હોય તેનો નિયમ છે જ નહીં.

**પ્રશ્ન ૧૫**—પરમાવધિવાળાને મનઃપર્યવજ્ઞાન હોય કે નહીં ?

**ઉત્તર**—એ બે જ્ઞાનને પણ સંબંધ નથી. અવધિજ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન થઇ શકે છે. પરમાવધિ જ્ઞાનવાળાને મનઃપર્યવજ્ઞાન હોય અથવા ન હોય. એનો નિરધાર સમજવો નહીં; કેમકે મનઃપર્યવ કે અવધિજ્ઞાન વિના પણ કેવળજ્ઞાન થઇ શકે છે.

**પ્રશ્ન ૧૬**—ચૌદપૂર્વી કયા ગુણઠાણે વર્તતા હોય ?

**ઉત્તર**—ચૌદપૂર્વી શ્રેણી ન માંડે ત્યાંસુધી છઠ્ઠે સાતમે ગુણઠાણે જ વર્તતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...ય. લોળી માંડે ત્યારે તેના ઉપરના ગુણઠાણા પ્રાપ્ત થઇ શકે. ચૌદપૂર્વીપણું ...નાં છઠ્ઠા સાતમાથી નીચે ન જ જાય.

**પ્રશ્ન ૧૭**—તીર્થયાત્રાપ્રસંગે નીકળેલ કોઇ સાધર્મી મરણ પામે તો તેની દહનક્રિયામાં જવું ઘટિત છે કે સૂતક આવવાથી ધર્મક્રિયા કરવામાં બાધ આવશે એમ માનીને ન જવું એ ઘટિત છે ?

**ઉત્તર**—એમાં પ્રસંગ જોવો જોઇએ. પોતાના ગયા વિના દહનક્રિયાના કામમાં વાંધો આવે તેમ ન હોય તો ભલે ન જાય, પણ એવી સગવડ ન થતી હોય તો તેવે વખતે દહનક્રિયામાં ભાગ લેવો એ જ કર્તવ્ય છે.

**પ્રશ્ન ૧૮**—કોઇ પણ જથ્થામાંથી જો નિરંતર ઘટ્યા જ કરે તો લાંબે કાળે તે ઘટે જ અને છેવટે ખાલી પણ થાય. આવો વ્યવહારિક નિયમ છતાં નિગોદમાં જીવો ઘટતા જ નથી અને એનો સર્વથા વિનાશ–ખાલી થવાપણું તો અનંતકાળે પણ થવાનું નથી, એમ જૈન શાસ્ત્રકાર કહે છે તો તે હકીકત અન્ય દર્શનીને શી રીતે સમજાવી શકાય ?

**ઉત્તર**—આ પ્રશ્નમાં સામાન્ય જથ્થાની વાત છે તેને માટે વ્યવહારિક નિયમ લાગુ પડી શકે છે, પરંતુ નિગોદમાં રહેલા અનંતા જીવોનો જથ્થો એવો છે કે તેને એ નિયમ લાગુ પડી શકે તેમ નથી. જીવો ઘટતા નથી એમ નથી –ઘટે છે, પરંતુ એક નિગોદમાં રહેલા અનંતા જીવોનો અનંતો ભાગ જ ઘટેલો છે અને ઘટવાનો છે. આ હકીકત અતિશયજ્ઞાનીએ (સર્વજ્ઞે) કહેલી છે. એટલે એમાં છદ્મસ્થની વિચારણા ચાલી શકે એમ નથી. વળી અનંતકાળે ખુટવાની વાત પણ ક્યારે હોય કે જો જીવ કરતાં કાળ વધારે હોય તો, પણ જ્યારે અતીત અનાગત કાળના સમયો કરતાં જીવો અનંતગુણા હોય તો તે શી રીતે સર્વથા ખુટી શકે ? આ વાત અન્ય દર્શનીને સમજાવવી અને તેને ગળે ઉતારવી મુશ્કેલ છે. આ બાબતમાં સર્વજ્ઞના વચન પરની શ્રદ્ધા જ કામ કરે તેમ છે.

**પ્રશ્ન ૧૯**—શાસ્ત્રમાં મુનિને માટે એકલવિહારીપણાનો નિષેધ કરેલો છે, પરંતુ એકલવિહારી કેટલાક મુનિઓ જ્ઞાનધ્યાનમાં તેમજ ચારિત્રમાં સારી પંક્તિમાં મૂકવા જેવા દેખાય તો તેને માટે આજ્ઞાનું વિરાધકપણું માનવું કે કેમ ?

**ઉત્તર**—ગમે તેવું શ્રેષ્ઠપણું દેખાતું હોય, પરંતુ શાસ્ત્રાજ્ઞાનું આરાધન કરવાના ઇચ્છકે ગમે તેને પણ સાક્ષી રાખીને વિચરવું તે જ યોગ્ય છે. એકલ વિચરવાથી અનેક પ્રકારના દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. વળી બીજા સામાન્ય મુનિઓ પણ તેવાનો દાખલો લઇને એકલવિહારી બનતા જાય માટે બધી રીતે વિચારતાં એકલવિહારી ન રહેવું તે જ ઇષ્ટ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨૦**—આકાશમાં રહેલી સિદ્ધશિલા કોઈ પણ જાતના ટેકા સિવાય કેમ અધર રહી શકી હશે ?

**ઉત્તર**—પુદ્‌ગળો ગુરૂ ( ભારે ), લઘુ ( હલકા ) અને ગુરૂલઘુ ( ભારે હલકાની સમાનતાવાળા ) એમ ત્રણ પ્રકારના હોય છે. તેમાંના ગુરૂલઘુ પુદ્‌ગળો સિદ્ધશિલામાં હોવાથી તે અધર રહી શકેલ છે. આકાશમાં ખાલી તેમ જ પાણીથી ભરેલાં વાદળાં એવા પુદ્‌ગળોવાળા હોવાથી જ અધર રહી શકે છે. આ સિવાય દેવલોકના વિમાનો, જ્યોતિષીના વિમાનો વિગેરે જે અધર રહેલ છે તેમાં તેવા પુદ્‌ગળોનો સંચય જ સમજવો.

**પ્રશ્ન ૨૧**—જે જીવો મોક્ષે ગયેલા છે તે ત્યાં અનંતકાળ પર્યંત સ્થિતિ કરવાના છે તો તેને તે બંધનકારક લાગતું નહીં હોય ?

**ઉત્તર**—જ્યાં પરસ્વાધીનપણું હોય ત્યાં જ બંધન ગણાય છે, પરંતુ જ્યાં સ્વેચ્છાએ રહેવાનું હોય ત્યાં બંધનરૂપ લાગતું નથી. વળી લાંબે કાળે પણ પુદ્‌ગળસંયોગમાં કંટાળો આવવા સંભવ છે. આત્મિક ભાવમાં–આત્મસ્વરૂપમાં જ રહેવું–રમણ કરવું હોય ત્યાં તો નિરંતર પરમાનંદમય સ્થિતિ જ હોય છે કે જેનો અંશ પણ સંસારમાં હોતો નથી.

**પ્રશ્ન ૨૨**—જે જીવો અનાદિ કાળથી મલિન સ્થિતિમાં છે તે શુદ્ધ કઇ રીતે થઇ શકે ?

**ઉત્તર**—દીર્ઘકાળની મલિન વસ્તુ પણ સંયોગ પામીને નિર્મળ થાય છે. જેમ ઘણા કાળે ખોદાયેલી ખાણમાંથી નીકળેલ સોનું માટી સાથે મળેલું હોય છે છતાં તે અગ્નિ વિગેરેના સંયોગથી માટીથી જુદું પડી શુદ્ધ સોનાપણે પ્રગટ થાય છે, તેમ જીવ પણ અનાદિ કાળથી કર્મસંયોગે મલિન હોવા છતાં પાંચ કારણ મળવાથી, તથાવિધ દેવ ગુરુ ધર્મની જોગવાઇને પામીને કર્મ રહિત થઇ શકે છે. કારણ કે જ્ઞાનદર્શનાદિ ગુણ આત્મામાં રહેલા જ હોય છે, તેના ઉપરનું આવરણ દૂર થવાથી તેનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય છે, એમાં કિંચિત્ પણ શંકાને સ્થાન નથી.

કુંવરજી

## ધન વિષે

[illegible] નવિ એક રાખ્યું, તેમ નાખ્યું ન જાયે; પણ એક ધનથી તો, અન્ય સત્કાર્ય થાયે;
[illegible]સેવન થાયે. સ્વામીવાત્સલ્ય થાયે; દીન જન ઉદ્ધરાયે, દેશમાં કીર્ત્તિ થાયે;
[illegible] સુજ્ઞાની. દ્રવ્યને દ્રવ્ય જાણી; તજી મમત માની, વાપરે સદ્ય પ્રાણી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषित रत्नमाला

विदेशेषु धनं विद्या, व्यसनेषु धनं मतिः ।
परलोके धनं धर्मः, शीलं सर्वत्र वै धनम् ॥ १ ॥

" પરદેશમાં વિદ્યા એ ધન છે, દુઃખવેળાએ બુદ્ધિ એ ધન છે, પરલોકમાં ધર્મ ધન છે, સુંદર આચાર-સ્વભાવ એ સર્વત્ર ધન છે."

× × ×

ધન એ પ્રાયઃ સર્વ કષ્ટને કાપનાર અને સાંસારિક સર્વ કામનાઓને પૂર્ણ કરનાર તેથી અત્ર ચાર સ્થળે ચાર બાબતોને ધનની ઉપમા આપી છે. તેને સહજ વિસ્તા અવલોકીએ.

જ્યાં આપણો ભાવ પૂછનાર કોઇ ન હોય તેવા પરદેશમાં એકલવાયા મનુષ્યને આધ ભૂત અને સર્વ સંપદાને પ્રાપ્ત કરાવનાર વિદ્યા જ મહાન્ ધન છે કે જેના પ્રતાપે વિ મનુષ્ય ક્યાંય પણ સીદાતો કે દુઃખી થતો નથી. તે માટે સુભાષિતકારોએ જણાવ્યું છે કે

**विद्या राजसु पूज्यते नहि धनं, विद्याविहीनः पशुः ।**

અર્થાત્-વિદ્યા રાજાથી પણ પૂજાય છે પણ એકલું ધન પૂજાતું નથી, તેથી વિ વિનાનો માણસ પશુ સમાન ગણાય છે.

એક કવિએ લક્ષ્મીને ઉદ્દેશીને ઉત્પ્રેક્ષા કરી છે કે—' હે પદ્મે ! તું ચપળ છે મૂર્ખને ત્યાં વિશેષે કરીને જાય છે ને ટકે છે તો શું તને વિદ્વાનની સાથે મત્સર ( ઈ ભાવ છે ? ' ત્યારે પ્રત્યુત્તરમાં લક્ષ્મી કહે છે કે—' હું વિદ્વાનની સાથે મત્સરણી નથી, લોકો મને ચપળા કહે છે પણ હું ચપળ નથી, તેમજ મૂર્ખ ઉપર મને રતિ (પ્રેમ) નથી, તેમ છતાં હું મૂર્ખને ત્યાં વાસ કરું છું તેનું કારણ એ છે કે-વિદ્વાન્ તો વિદ્ ધનવાળો હોવાથી સર્વત્ર પૂજાપાત્ર બનશે, પરંતુ મૂર્ખની મારા વિના અન્ય ગતિ હે કવિવર ! તેથી હું તેના સ્થાનમાં જાઉં છું.'

આ હાસ્યજનક સંવાદમાંથી આપણે એટલું તારવી શકશું કે વિદ્યારૂપ ધનવાળો સર્વત્ર આદર-સન્માન પામે છે, તેથી વિદેશમાં વિદ્યા જ એકમાત્ર ધનરૂપ છે.

× × ×

દુઃખ આવી પડ્યું હોય ત્યારે તેને દૂર કરવા ધનરૂપ જો કોઇ હોય તો તે બુદ્ધિ છે. અર્થાત્ બુદ્ધિથી માણસ ધાર્યું કરી શકે છે, તેથી જ આપણે દર નવા વરસના નવા ચોપડામાં અભયકુમારની બુદ્ધિની માંગણી કરીએ છીએ. એ શું સૂચવે છે ધનની આવશ્યકતા.

શ્રેણિક મહારાજ કુમારાવસ્થામાં હતા ત્યારે તેમના પિતા પ્રસેનજિત પુત્રોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા સારુ કેટલાક મુશ્કેલીજનક પ્રસંગો યોજતા હતા. તે વખતે અન્ય પુત્રો કિંકર્તવ્યમૂઢ બનતા પરંતુ શ્રેણિક સ્વબુદ્ધિના પ્રતાપે એવા પ્રસંગને તરી જતા અને દરેકને માર્ગસૂચક બનતા હતા.

બુદ્ધિમત્તા ઉપર એક શ્લોક અને તેની જાણીતી કથા છે કેઃ—

**बुद्धिर्यस्य वलं तस्य, निर्बुद्धेस्तु कुतो वलम् ?**
**पश्य सिंहमदोन्मत्तः, शशकेन निपातितः ॥ १ ॥**

અર્થાત્ જેને બુદ્ધિ છે તેને જ બલ છે. બુદ્ધિહીનને બલ ક્યાંથી હોય ? જુઓ ! એક [1]શિયાળે બુદ્ધિપૂર્વકની યોજનાથી મદોન્મત્ત એવા સિંહને (કુવામાં) પાડ્યો હતો.

એક વનમાં ઘણા પશુઓ રહેતા હતા. તે જ વનમાં એક સિંહ પણ રહેતો હતો. તે જ્યારે ક્ષુધાતુર થાય ત્યારે અનેક પશુઓનો ઘાણ વાળી નાખતો. આથી બધા મળીને તેની પાસે ડેપ્યુટેશનરૂપે વિનવવા ગયા ને કહ્યું કે ' જુઓ વનરાજ ! તમે અમારા રાજા કહેવાઓ અને આ પ્રમાણે અમારો વિનાશ કરો તે ઠીક નહીં. વળી ભક્ષ માટે આપને જાતે નીકળવું પડે તે પણ યુક્ત નથી, માટે અમે દરરોજ એક પશુનો વારો કાઢીએ, એટલે તે પ્રાણી જાતે જ તમારી તહેનાતમાં હાજર થશે. આથી આપને તકલીફ નહીં પડે અને અમને સૌને શાંતિ થશે.'

આ દલીલ સિંહને ગમી જવાથી તેણે એ વિનંતિનો સ્વીકાર કર્યો. પછી તો નિયમિત એ પ્રમાણે બનવા લાગ્યું. એક વખત એક શિયાળનો વારો આવ્યો. પશુઓમાં ધૂર્ત ગણાતું હોય તો તે શિયાળ છે. તેથી તેણે વિચાર્યું કે કોઇ પણ રીતે પ્રાણ બચે તો ઠીક. આથી બુદ્ધિ દોડાવી દરરોજના સમય કરતાં તે સિંહ પાસે સ્હેજ મોડું ગયું. આથી ક્રોધાતુર બનેલા સિંહે તેને મોડું આવવાનું કારણ પૂછતાં શિયાળે કહ્યું કે–'મહેરબાન સાહેબ. એક મ્યાનમાં બે તલવારના જેવી સ્થિતિ ઉત્પન્ન થઇ છે. આ વનમાં એક બીજો આપના જેવો જ સિંહ આવ્યો છે અને તેણે જ મને અટકાવ્યો હતો; તેથી આવવામાં વિલંબ થયો છે. હવે આપ મને સુખેથી ભક્ષ કરી તૃપ્ત થાઓ.' તેના આ વચનથી ગુસ્સે થયેલા સિંહે કહ્યું કે–' ચાલ, મને બતાવ કે તે મારો દુશ્મન ક્યાં છે ? તેને વિદાર્યા વિના મને ચેન પડવાનું નથી.' શિયાળ તો મનમાં મલકાતું મલકાતું આગળ ચાલવા લાગ્યું. તેમ કરતાં એક કુવા પાસે જઇ સિંહને કહ્યું કે–'આની અંદર આપનો દુશ્મન છુપાયલો છે.' સિંહે પાણીમાં દૃષ્ટિપાત કર્યો તો પોતાના પ્રતિબિંબરૂપ પ્રતિસ્પર્ધી સિંહને જોઇ દાંત કચકચાવી ત્રાડ પાડી, એ ત્રાડનો પ્રતિધ્વનિ કુવામાંથી પણ જેવો ને તેવો પાછો આવ્યો, આથી પોતાના સમોવડીયાની ચોક્કસ પ્રતીતિ થવાથી સિંહે તો કુવામાં તેની સાથે લડવા માટે ઝંપલાવ્યું. પરિણામે મરણને શરણ થયો. શિયાળભાઇ તો હરખાતા હરખાતા સ્વગૃહે આવ્યા. તેને સાજું તાજું પાછું આવેલું જોઇ સૌ વિસ્મય પામ્યા અને ઉપરાઉપર સૌ પ્રશ્નોની ઝડી વરસાવવા લાગ્યા. જવાબમાં શિયાળે બની

[1] શશકનો અર્થ સસલું થાય છે પણ આ કાર્ય શિયાળનું હોવાથી એ અર્થ લીધો છે. તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયેલ અનિષ્ટ સુખુંગ્યા એટલે સૌ આનંદમાં આવી જઇ નિશ્ચિંત બન્યા અને અ પશુસભા ભરી શિયાળનો આભાર માન્યો અને શાબાશી આપી. ( માનપત્ર કે ચંદ્રક વામાં આવેલ કે નહીં તે જાણવામાં આવેલ નથી. )

મતલબ કે–દુઃખ વખતે બુદ્ધિ એ ધનની ગરજ સારે છે એ આ કથાનો સારાંશ

× × ×

પરલોકમાં ગયા પછી આત્માને ધન સમાન જો કોઇ હોય તો તે આ લોકમાં ઉપાર્જ કરેલો એકમાત્ર ધર્મ જ છે કે જે અનેક પ્રકારની સંપદાને આપનાર છે અને સર્વ દુઃ દારિદ્રને કાપનાર છે.

જેને પાળીપોષીને મોટા કર્યા હોય તે સંતાનો જેની સાથે અનેક પ્રકારના સાંસા સુખ ભોગો ભોગવ્યા હોય તે સ્ત્રી, જેના ઉપર ખૂબ મમતા કરતા હોઇએ તે લક્ષ્મી, ગ ચુંબિત સુંદર મહાલય, મનોહર ઉદ્યાન અને જે શરીરને દરરોજ ખૂબ નવરાવી ધોવ સાફ, સુગંધી અને સુંદર રાખેલ હોય તે સુદ્ધાં સર્વ પરલોકમાં જતી વખતે અહીં જ છે; પરંતુ પડછાયાની માફક વફાદાર એવો એકમાત્ર ધર્મ જ પરલોકમાં સાથે આવે

શીલ–સુંદર સ્વભાવ એ સર્વ ઠેકાણે ધનરૂપ છે. જેનો સ્વભાવ મળતાવડો નથી ચીડીયાખોર, ક્રોધી, શોકાતુર, અણમળતાવડો હોય તેને કોઇપણ સ્થળે આદર નહીં તેને કાંઇ શાંતિ નહીં મળે. તે ક્યાંય દ્રવ્ય ઉપાર્જન કરવામાં સફળ નહીં બને, કાર દુશ્ચારિણી સ્ત્રીના જેવો ખરાબ સ્વભાવ તેનો સર્વત્ર પરાભવ કરાવનાર બનશે. ત્યારે પ્રતિપક્ષી સુંદર સ્વભાવ સર્વ ઠેકાણે આદર અપાવશે અને ધનની ગરજ સારશે. બીજા ગુણ જોયા કરતાં પ્રથમ સ્વભાવને જ જુવે છે. સારાંશ કે સુંદર સ્વભાવની ઉપ ડગલે ને પગલે જરૂર પડ્યા કરે છે.

આ પ્રમાણે આ ચારે વસ્તુ સાચા ધનરૂપ હોઇ સુજ્ઞ અને વિવેકી જનોએ સંગ્રહ કરવા પ્રયત્ન કરવો.

રાજપાળ મગનલાલ વ્હોરા

## કેવળજ્ઞાનના પર્યાયી નામો

કેવળજ્ઞાન એટલે શુદ્ધ જ્ઞાન, અદ્વૈત જ્ઞાન, અપ્રતિહત જ્ઞાન, દેશકાળ પરિચ્છેદ રહિત જ્ઞાન, સત્યજ્ઞાન, પૂર્ણ જ્ઞાન, અવિનાશી જ્ઞાન, અનંત જ્ઞાન. ચૈતન્ય જ્ઞાન, પૂર્ણ અનુભવ જ્ઞાન, આત્મ જ્ઞાન, ત્રિકાળ જ્ઞાન, ભ્રાંતિરહિત પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન, અવાચ્ય જ્ઞાન, અલૌકિક જ્ઞાન, શબ્દાતીત જ્ઞાન, અક્ષરાતીત ઇશ્વરી જ્ઞાન, અવિરુદ્ધ જ્ઞાન, અખંડ આત્માનુભવ જ્ઞાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અંતિમ રાજર્ષિ

(૪)

'અરે, તમો આ શું સાચું વદી રહ્યાં છો ?'

'ભો ! કુમારનંદી ! તું એટલો તો વિચાર કર કે જ્યારે અમે ઉભય તારી સાથે પત્નીભાવથી જોડાવા સ્પૃહા ધરીએ છીએ ત્યારે જૂઠું વદવાનું અમને શું પ્રયોજન હોઇ શકે ?'

હાસા–પ્રહાસાના કથનથી જેના દેહની નાડીઓ ઢીલી પડી ગઇ છે અને જેનો ઉત્સાહ મંદતાની છેલ્લી ડીગ્રીએ પહોંચી ગયેલ છે એવો કુમારનંદી બોલ્યોઃ—

'હે દેવીઓ ! હજુ પણ મને તમારી વાતમાં મજાક જેવું લાગે છે. એક એકથી રૂપમાં ચઢીયાતી અને કામકેલીમાં એક બીજીથી કોઇ અનોખી વિલક્ષણતા અને અનુરાગ દાખવતી એક, બે કે પાંચ પંદર નહિ પણ પાંચ સો અંગનાઓનો હું સ્વામી છું. વગરસંકોચે, સ્વેચ્છાપૂર્વક એ લલના-વૃંદ સહ સંસારી વિલાસોની મોજ માણતા સુવર્ણકાર તરીકેની મારી કીર્તિ–કમાણી જેમ અજોડ છે તેમ મારી વિષયવાસના ને ભોગલાલસા પણ અજોડ જ છે અર્થાત્ એ સર્વની પ્રસિદ્ધિ એટલી વિશાળ છે કે જવલ્લે જ મારા સંબંધી કંઇ ન જાણતો હોય એવો આદમી મળી આવે. આ સર્વ વર્ણન તમારી સમક્ષ એટલા સારું વર્ણવું છું કે તમે ઉભય મારા જીવનસંબંધમાં ભ્રમણામાં ન રહો. એક સંધ્યાએ તમે જાતે આવી, મારા પ્રાસાદમાં પગલાં પાડી, મારા પ્રત્યેનો તમારો પ્રણય દાખવ્યો અને પંચશૈલ દ્વીપે આવવાનું આમંત્રણ કર્યું. અરે! એ સાથે ત્યાં આવવાથી સમાગમ થશે એમ સ્પષ્ટ જણાવ્યું. આ જાતની સાફ વાત થયા છતાં આજે તમે કોઇ જુદી જ રેખા દોરો છો એ શું વ્યાજબી છે ? એથી તમારા પ્રમાણિકપણાને લાંછન લાગે છે. દેવતાઈ જીવન માટે એ કાર્ય ઘૃણાજનક લેખાય.

'તમારા તે પ્રસંગના દર્શન અને વાર્તાલાપથી મારી સ્થિતિ એટલી હદે વિરહાતુર બની કે ત્યારપછી કઇ રીતે અને કેટલી ઝડપે પંચશૈલ દ્વીપમાં પહોંચી જવું એ જ મારો માત્ર વ્યવસાય બની ગયો. તે ક્ષણથી આહાર–વિહાર મને અકારા થઇ પડ્યા.

'અરે દેવીજીવનના આનંદ–પ્રમોદમાં મશગુલ બનેલ વામાઓ ! ત્યારબાદ મેં કેવી કેવી આપત્તિઓને અહીં આવવા સારુ નોતરી અને કેવી કદર્થનાઓ વેઠી એનો તમે ઉભય વિચાર કરો તો હરગીજ આ પ્રકારની બેદરકારી મારા પ્રતિ ન દાખવો. મેં સાંયાત્રિકના ખીસામાં સુવર્ણ મહોરોની વર્ષા કરી ત્યારે તો માંડ એણે આ તરફ આવવાનું સ્વીકાર્યું અને મને નાવ પર લીધો. દૂરથી ગિરિ નજરે પડતાં જ એ પર્વત પર શોભી રહેલ વિશાળ વટવૃક્ષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાખા ગ્રહણ કરી, વહાણ ત્યજી દેવાની અને તરુ પર રાત્રિએ વિશ્રામ અર્થે આવી બેસતા ભારંડ પક્ષીમાંના એકના પગે વળગી, તમારા આ નિવાસસ્થાન પ્રતિ પહોંચવા સંબંધી સૂચના મને આપી દીધી. સાથોસાથ જણાવી પણ દીધું કે એમ કરવામાં જરા જેટલી સ્ખલના થઇ કે સોએ વર્ષ પૂરા થયાનું સમજી લેવું. ક્યાં તો સાગરના વમળમાં અટવાઇ મરવાનું ! કિંવા ગિરિ-કંદરામાં ભ્રમણ કરી દિવસો પસાર કરવાના !

' પણ પુણ્યયોગે એ સર્વ આપદામાંથી સાંગોપાંગ પાર ઉતરી હું અહીં આવ્યો છું માટે હે સુભ્રુ ! હવે રંચમાત્ર વિલંબ ન કરતાં, મને સ્વામી તરીકે સ્વીકારો અને આટલા સમયથી વિરહતાપથી તપ્ત થયેલ મારા હૃદયને શાંતિ અર્પો.'

' પ્રિય કુમારનંદી ! તમારી આ સાહસ-કથા સામાન્ય સંજોગોમાં જરૂર પ્રશંસા-પાત્ર લેખાય, પરંતુ અમારા દેહના આલિંગન અતિ સસ્તા કે સહજ નથી. જેની કામલોલુપતા પાંચ સો જેટલી રામાથી તૃપ્ત ન થાય અને રૂપ નજરે પડતાં જ જેનું અંતર હાલી ઊઠે, એવા કામી નર માટે અહીં આવવારૂપ સૂચન એ તો માત્ર પરીક્ષાના પ્રથમ પગલા તુલ્ય હતું. અમે સાચા પ્રેમીના સંગની અભિલાષિણીઓ હોવા છતાં માત્ર કામી માનવીના હાથમાં રમકડા જેવું જીવન ગાળવા જરામાત્ર ઇચ્છતી નથી. એટલા ખાતર ઇસારો કરી તમારામાં કેવા પ્રકારનું સત્ત્વ છે એની ખાતરી કરવા સારુ આ પ્રયોગના પથિક તમને બનાવ્યા, પરંતુ પરીક્ષાનું બીજું યાને અંતિમ પગલું તો હવે આવે છે. વ્હાલા સુવર્ણકાર ! એમાં ઉત્તીર્ણ થયા વગર અમારો યોગ આકાશકુસુમવત્ અ[illegible] ભવિત છે. એ પાદનું સ્વરૂપ સાંભળી [illegible] ' આવતાં ભવે હું હાસા-પ્રહાસાનો પ[illegible] થઉં એવા નિયાણાપૂર્વક મરણ સ્વીકારો. એમ કરવાથી જરૂર તમારો નવો જ[illegible] દેવયોનિમાં અત્રે થશે અને તમને [illegible] સાત ધાતુમય ઔદારિક શરીરને બદ[illegible] મનોહર એવું વૈક્રિય શરીર પ્રાપ્ત થ[illegible] જન્મતાં વાર જ નવયૌવન ખીલી ઊઠ[illegible] ત્યારે જ આપણા ઉભયનો મેળ મળ[illegible] પ્રસ્વેદના ધામરૂપ અને મલિનતાના પ[illegible] સ્વરૂપ સમા તમારા આ દેહ સાથે અમા[illegible] દેવતાઇ દેહનો સમાગમ એ તો ન ભૂ[illegible] ન ભવિષ્યતિ જેવો અસંભવિત છે, એટલું[illegible] નહિ પણ અમારા ઉચ્ચ દેહના વ[illegible] સમું પણ છે. '

હાસા-પ્રહાસા તરફથી કરવામાં આ[illegible] નિવેદન શ્રવણ કરતાં જ કુમારનં[illegible] ગાત્રો ગળી ગયા. કામાગ્નિની તીવ્ર[illegible] પલાયન થઇ ગઇ. આ માનવદેહે [illegible] કંઇ શુક્કવાર સરવાનો નથી એ વિચા[illegible] સાવ નિરાશાનું મોજું ફરી વળ્યું. [illegible] એટલું જ બોલી જવાયું :

' અરેરે ! તમારા વિશ્વાસે નીર-તી[illegible] ભ્રષ્ટ થનાર પેલા ગજ જેવી મારી [illegible] થઇ ! દેવાંગનાઓ મળી નહીં અને મા[illegible] લલનાઓ હતી તે ચાલી ગઇ ! '

' સાહસ વિના અપ્સરાના સમા[illegible] દુર્લભ જ હોય છે. સ્વર્ગીય લ્હાવા [illegible] રસ્તામાં પડ્યા નથી !

' વ્હાલા સુવર્ણકાર ! રંચમાત્ર [illegible] થવાની જરૂર નથી. તમારા નગરમાં [illegible] માત્રમાં તમને અમે પહોંચાડી દઇશું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમારો સ્નેહ અમારા પર સાચો હશે તો તો અમારા દોરેલા માર્ગે જરૂર તમે જવાના. બાકી સાચા સ્નેહ વગરના મનુષ્ય જોડે પ્રીતિ બાંધવાથી ખરું સુખ ન માણી શકાય.'

દેવશક્તિને અચિંત્ય કંઇ જ નથી. આંખ ઉઘાડીને નજર કરતાં જ કુમારનંદીએ પોતાને પોતાના આવાસમાં શય્યા પર પોઢેલો જોયો. દરિયાની મુસાફરી, ભારંડના પગે વળગવું, હાસા-પ્રહાસાની સાનિધ્યમાં પહોંચવું, રમણીય નિકેતનમાં વાર્તાલાપ કરવો-એ સર્વ ઇંદ્રજાળની માફક અદ્રશ્ય થઇ ગયું, છતાં એ અનુભવ વીસરાય તેમ હતો જ નહીં. કામી જીવની દશા જ વિચિત્ર હોય છે. સામાન્ય નશાબાજ પણ સ્વજીવનને સાત્વિકતાના પંથે દ્રઢ નિશ્ચય વિના નથી લઇ જઇ શકતો. ત્યાં પછી કામાંધ, રાગાંધ કે રૂપાંધનું શું પૂછવું ? નારીદેહની વાસનામાં એ એટલો લીન બની બેઠો હોય છે કે માંસ-લોહીના એ ગાત્રોને કંચન અને રત્નરાશિની ઉપમાઓથી અલંકારે છે. અરે એમાં જ દુનિયાના સર્વશ્રેષ્ઠ સુખની કલ્પના કરે છે. એના દ્રષ્ટિકોણમાં અન્ય કંઇ જણાતું જ નથી.

કુમારનંદી-પાંચ સો લલનાઓનો ભોગી-એ જ ઘડતરનો હતો. દેવીયુગલના ભોક્તા થવાની તીવ્રતમ લાલસાએ જીવન હોમવાનો નિરધાર કરાવ્યો. સંસારના જમે ઉધાર પાસાં સંકેલાયા. આ ભવના વિલાસો પર તાળાં દેવાયા. આ નિશ્ચયની તેના એક શ્રાવક મિત્ર નાગિલને ખબર પડતાં જ તે દોડી આવ્યો. આ જાતના આત્મઘાતથી પાછો વાળવા એને ઘણો પ્રયાસ કર્યો. દેખાતાં અપ્સરાના સંયોગની પાછળ કેવો આત્મિક અધઃપાત સમાયો છે એનું ભાન કરાવ્યું, પણ સર્વ છાર ઉપર લીંપણ સમું નિરર્થક ગયું. હાસા-પ્રહાસાએ જે નશો કરાવેલો એમાં આ સુવર્ણકાર આકંઠ બૂડેલો હોવાથી તે કંઇ પણ લાભાલાભ ન તારવી શક્યો. તે જીવતાં બળી મુઓ અને નિયાણાના જોરે પંચશૈલ દ્વીપમાં એ દેવી-યુગલનો સ્વામી થયો.

સુવર્ણકાર મટી વ્યંતરનિકાયમાં દેવત્વની પ્રાપ્તિ થયા છતાં કાયમી સંતોષ ન જ પ્રાપ્ત થયો. હાસા-પ્રહાસા સહના સમાગમમાં દિવસો પાણીના રેલા સમ વહી ગયા અને એ જીવન નિત્યનું બની જતાં એ પરત્વે જે પહેલાં મોહ ઉદ્ભવ્યો હતો તે કમી થઇ ગયો. એક વાર નંદીશ્વર યાત્રાનો પ્રસંગ આવ્યો. તરતજ દેવેંદ્ર તરફથી હાસા-પ્રહાસાને નૃત્ય કરવાનો અને તેમના સ્વામીને મૃદંગ બજાવવાનો હુકમ થયો. આ સાંભળતાં જ કુમારનંદીના જીવને ઉકળાટ થઇ આવ્યો. આ જાતનું કાર્ય બજાવવામાં એને અણગમો થઇ આવ્યો પણ થાય શું ? દેવરાજની આજ્ઞા અનુલ્લંઘનીય હતી. પ્રત્યેક યાત્રાપ્રસંગમાં આ જાતનું નૃત્ય-વાદન એ તો હાસા-પ્રહાસાના આચારરૂપ હતું. તેમનાં સ્વામીની અનિચ્છા છતાં મૃદંગ ગળે બંધાઇ ચૂકયું. દુઃખ અને ગ્લાનિ ઉપજ્યા છતાં ફરજીયાત મૃદંગ વગાડતાં સ્ત્રીની આગળ ચાલવું પડયું.

ત્યાં તો પાછળથી એક સુંદરાકૃતિવાળા સ્વરૂપવાન દેવે ખભા પર હાથ મૂકી પ્રશ્ન કર્યો કે—'ભાઇ ! મને ઓળખે છે કે ?'

વિચારમગ્ન દશામાંથી સફાળો કોઇ જાગ્રત બને તેમ સંકટપૂર્ણ ને લજ્જા-

For Private And Personal Use Only

-મય દશામાં આવી પડેલ કુમારનંદી દેવે સામું જોયું દિવ્ય સ્વરૂપી–ઋદ્ધિસંપન્ન દેવ જોયા. કંઇ જવાબ ન દઇ શક્યો. 'અરે! તું મને ન ઓળખ્યો?' આગંતુક દેવે નંજવાબનો તોડ આણવા પુનઃ ઉચ્ચાર્યું અને આગળ ચલાવ્યું.

'ભાઇ કુમારનંદી! હું ત્હારો નાગિલ મિત્ર, ત્હારું અજ્ઞાનતાભર્યું બાળમરણ નિરખી, મારું મન સહજ વૈરાગ્ય તરફ વળ્યું. પ્રવ્રજ્યા સ્વીકારી, તપ તપી શેષ જીવન ચારિત્રમાર્ગે વીતાવ્યું તેથી હું બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો. તારી આ શોચનીય દશા અવધિજ્ઞાને જોતાં જ અહીં દોડી આવ્યો.'

'મિત્રવર્ય! તારી શિક્ષા અવગણી તેનો આ નતિજો આવ્યો. મોહના ઘેનમાં એ વેળા સત્ય ન જોઇ શક્યો. હવે જ સાચી સ્થિતિનું ભાન થયું. પણ 'આગ લાગ્યા પછી કુવો ખોદવા જવા' રૂપ એ નિરર્થક પશ્ચાત્તાપનું હવે શું પ્રયોજન? હવે તો આ જીવનમાંથી છૂટવાનો કોઇ માર્ગ હોય તો દેખાડો.'

'ભાઇ! પુરુષાર્થી માટે રસ્તાનો કંઇ ટોટો નથી. ચરમ જિનપતિ શ્રી મહાવી દેવની ગોશીર્ષચંદનની મૂર્તિ ભરાવી કો પવિત્ર ને પ્રભાવિક આચાર્ય પાસે એન પ્રતિષ્ઠા કરાવી, બહુમાનપૂર્વક તેની પૂજ કર. એ પ્રકારની ભક્તિથી તારા અશુ કર્મોનો નાશ થશે. પ્રાંતે એ પ્રતિમાન જ્યાં યથાર્થ રીતે પૂજા થાય એવા નગરમ તેને પહોંચતી કરાવજે.'

"અવંતિ દેશના સ્વામી! ઉપર મુજ બનું કથાનક જેના સર્જનનું કારણ છે એ ચમત્કારી પ્રતિમા તમારી નજર સન્મુ આ રહી. તેને સાથે લીધા વિના આપ સહ હું આવી શકું તેમ નથી. કોઇ પ રીતે આના જેવી જીવિતસ્વામીની મૂ ભરાવી લાવો કે જેથી એનું અહીં સ્થાપ કરી આ મૂળ બિંબ આપણે સાથે લ જઇ શકીએ."

ચંડપ્રદ્યોત ભૂપને, એકાંતમાં ક રહેલ સ્વર્ણગુલી પ્રિયાની વાતમાં ત જણાયું એટલે ગૂટિકાના સ્મરણથી આકર્ષાઇ જેવી રીતે ગુપ્તપણે ઉદા રાજાના અંતઃપુરમાં આવ્યો હતો તે રીતે પાછો પસાર થઇ ગયો. ચોક્ક

## તપાગચ્છના તેર બેસણા( પાટીયા–ગાદી )ના નામ

૧ તપગચ્છ, ૨ સાંડેરગચ્છ, ૩ ચઉદસિયાગચ્છ, ૪ કમળકળસાગચ્છ, અંકગચ્છ, ૬ કોટિકગચ્છ, ૭ કતકપુરાગચ્છ, ૮ કોરંટગચ્છ, ૯ ચિત્રોડાગચ્છ ૧ બાલપુરાગચ્છ, ૧૧ વાડગચ્છ, ૧૨ ઓસવાલગચ્છ, ૧૩ મલ્લધારીગચ્છ. આ પ્રમાણે શ્રી વિજયજિનેંદ્રસૂરિકૃત બાળબોધ પટ્ટાવળીમાં કહ્યું છે.

આ તેર બેસણાના મુખ્યપુરુષો સં. ૧૮૬૯ માં સુરતમાં એકત્ર થયા હતા ત્યાં ઠરાવેલ છે કે—કોઇ પણ તિથિ ઓછામાં ઓછી ૩૬ પળ ઉદયમાં હોય ત્યારે તિથિ માનવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

નીચે જણાવેલ બુકો સભાને ભેટ તરીકે મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. તેના પહોંચ ટુંક રીવ્યુ સાથે આ નીચે આપેલ છે.

૧–૨–૩ **ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**—અમદાવાદ તરફથી બુકો ૩.

૧ **વાનર પુરાણ**—કિંમત ૭ આના. અનેક જાતિના વાનરોની હકીકત છે.

૨ **જનપદ**—આપણા દેશના જુદા જુદા સુથાર, લુહાર વિગેરે કારીગરો અને કારીગરીને લગતા બીજા મનુષ્યોની વાંચવા લાયક હકીકત આપેલી છે. કિં. ૦–૧૨–૦.

૩ **નિરંજન**—( નોવેલ ) લેખક ઝવેરચંદ મેઘાણી. ખાસ વાંચવા લાયક છે. કિં. ૨–૦–૦

૪ થા ૮ **શ્રી સિંઘી જૈન જ્ઞાનપીઠ**—વિશ્વભારતી શાંતિનિકેતન કલકત્તા તરફથી પ્રકાશિત થયેલ સિંઘી જૈન ગ્રંથમાળાની બુકો ૫. સંપાદક સુપ્રસિદ્ધ સાહિત્યસેવક શ્રી જિનવિજય મુનિ.

૪ **પ્રબંધ ચિંતામણિ**—શ્રી મેરુતુંગાચાર્યવિરચિત. તેમાં ચાર પ્રકાશમાં મોટા ૧૦ પ્રબંધો છે અને પાંચમા પ્રકાશમાં પ્રકીર્ણ પ્રબંધો છે. ગ્રંથ સંસ્કૃત ગદ્યબંધ છે. ખાસ વાંચવા લાયક છે. પુરાતત્ત્વ સંશોધક માટે ખાસ ઉપયોગી છે. કિં. રૂા. ૩–૧૨–૦.

૫ **પુરાતન પ્રબંધ સંગ્રહ**—આ ગ્રંથ પ્રબંધ ચિંતામણિ ગ્રંથ સંબદ્ધ છે. એમાં ૬૩ પ્રબંધો છે. સંસ્કૃત ગદ્યબંધ છે. કિં. રૂા. ૪–૮–૦.

૬ **ચતુર્વિંશતિ પ્રબંધ**—અપરનામ **પ્રબંધ કોષ.** શ્રી રાજશેખરસૂરિવિરચિત. એમાં શ્રી ભદ્રબાહુસ્વામી વિગેરેના ૨૪ પ્રબંધો છે. સંસ્કૃત ગદ્યબંધ છે. ખાસ વાંચવા લાયક છે. કિં. રૂા. ૩–૮–૦.

૭ **વિવિધ તીર્થકલ્પ**—શ્રી જિનપ્રભસૂરિવિરચિત. માગધી તથા સંસ્કૃત ભાષામાં જુદા જુદા ૬૧ તીર્થોના કલ્પ આપેલા છે. શુદ્ધ કરવામાં પ્રયાસ બહુ કર્યો છે. તીર્થોને અંગે ખાસ ઉપયોગી છે. કિં. રૂા. ૪–૪–૦.

૮ **શ્રી હેમચંદ્રાચાર્ય જીવનચરિત્ર**—પ્રોફેસર ડૉક્ટર બુલ્હરે જર્મન ભાષામાં રચેલ તેનો ઇંગ્લિશ ભાષામાં અનુવાદ કરનાર પ્રો. ડૉ. મણિલાલ પટેલ. ઇંગ્રેજી ભાષાના જાણનારાઓ માટે ખાસ ઉપયોગી છે. કિં. રૂા. ૩–૮–૦.

૯ **શ્રી પંચનિર્ગ્રંથી પ્રકરણ**—શ્રી અભયદેવસૂરિકૃત. ગુજરાતી અનુવાદકર્ત્તા ભાઇ મફતલાલ ઝવેરચંદ ગાંધી. અમદાવાદ, ભઠ્ઠીની બારી. પ્રયાસ સારો કર્યો છે. પ્રકાશિત પણ તેમણે કરેલ છે. કિંમત લખી નથી.

૧૦ **દીનાક્રંદનમ્**—સંસ્કૃત શ્લોક ૩૨. ગુજરાતી ને ઇંગ્લિશ અનુવાદ સાથે. લેખક ન્યા. વિ. ન્યા. તી. મુનિ ન્યાયવિજયજી. પ્રકાશક શ્રી જૈન જ્ઞાનમંદિર. મંચર. કિં. ૦–૨–૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧ **શ્રી રત્નપ્રભસૂરિજીકા જયંતિ ઉત્સવ**—લેખક મુનિશ્રી જ્ઞાનસુંદરજી. ઓશવાળ વંશસ્થાપક આ મહાપુરુષનું ચરિત્ર વ્યાખ્યાનરૂપે હિંદી ભાષામાં આપેલું છે.

૧૨ **ઓશવાળ ઉત્પત્તિ વિષયક શંકાઓંકા સમાધાન**—લેખક મુનિ શ્રી જ્ઞાનસુંદરજી. પ્રકાશક શ્રી રત્નપ્રભાકર જ્ઞાનપુષ્પમાળા-ફલોધી. આ બુકમાં લેખકે ઉપકેશ (ઓશવાળ) વંશના સંબંધમાં સારો પ્રકાશ પાડ્યો છે.

૧૩ **શ્રી કમલપ્રબંધ** યાને **જગત જ્યોત**—લેખક આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિના શિષ્ય પ્રવર્તક શ્રી ભુવનવિજયજી. પ્રકાશક વીશા પોરવાડ જૈન સંઘ. ખરલૂટ. આ બુકમાં શ્રી વિજયાનંદસૂરીશ્વર( આત્મારામજી )ના શિષ્ય આચાર્ય શ્રી વિજયકમળસૂરિનું ચરિત્ર ઘણા વિસ્તારથી આપેલું છે. પ્રયાસ ઠીક કર્યો છે. કિં. ગુરૂગુણગણગ્રહણ.

૧૪ **શ્રીકમળલબ્ધિમહોદયકાવ્ય**—સંસ્કૃત પદ્યબંધ. સંયોજક પંડિત વ્રજનાથ નારાયણ. પ્રકાશક કોચર લક્ષ્મીચંદ્ર આશાકરણ. આ બુક ઉપધાન દ્રવ્યમાંથી મળેલ આર્થિક સહાયથી છપાવેલી છે.

૧૫ **જૈનોના કેટલાક પારિભાષિક શબ્દોની સંક્ષેપમાં સમજ**—લેખક મોતીલાલ નરોત્તમદાસ કાપડીયા. કિંમત એક આનો.

૧૬ **જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ**—પ્રકાશક જૈનાચાર્યશ્રી આત્માનંદજન્મશતાબ્દિસ્મારકસમિતિ. સંપાદક મોહનલાલ દલીચંદ દેશાઈ એડવોકેટ. આ મહાન્ ગ્રંથમાં ગુજરાતી, શાસ્ત્રી અને ઇંગ્લિશ-એ ત્રણે લીપી વાપરી છે. તેમજ ગુજરાતી, હિંદી અને ઇંગ્રજી એ ત્રણે ભાષા વાપરી છે. અનેક વિદ્વાનો તરફથી આવેલ લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વિષયશુચિમાં ઇંગ્રેજી લેખ ૩૫, હિંદી લેખો ૪૦ ગુજરાતી લેખો આત્મારામજી મહારાજ સંબંધી ૨૬ અને ઇતર વિષયક ૩૨ કુલ ૧૩૩ લેખો છે. ફોટા મહારાજશ્રી આત્મારામજી( આનંદવિજયજી )ના જુદી જુદી ઢબના, તેમના પરિવારના મુનિરાજના, દરેક લેખકના તેમજ પ્રાસંગિક બીજા અનેક ફોટા આપેલા છે. લેખોના સંબંધમાં ટૂંકામાં વર્ણન થઇ શકે તેમ નથી. અનેક વિદ્વાનોએ પોતાની શકિતનો આ ગ્રંથપરત્વે ઉપયોગ કર્યો છે. વાંચતા અત્યંત આનંદ ઉપજે તેમ છે, બોધમાં વૃદ્ધિ થાય તેમ છે તેમજ પૂજ્ય મહારાજશ્રીના અપ્રતિમ ગુણોની વારંવાર અનુમોદના ઉદ્ભવે તેમ છે. અંકના પ્રમાણમાં કિંમત બહુ જુજ રાખી છે. સંપાદક ઉપરાંત આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનો પારાવાર પ્રયાસ છે. પરિણામ પણ તેવું જ સુંદર આવ્યું છે. આ અંકના રીવ્યુ માટે તો ખાસ લેખ લખવો પડે તેવું છે. ખર્ચ કરવામાં સંકોચ કરેલો નથી. પ્રેસકામ પણ ભાવનગર મહોદય પ્રેસના માલિક ગુલાબચંદ લલ્લુભાઇએ બહુ ચીવટપૂર્વક અંકને શોભાવે તેવું કરેલું છે. કિં. રૂા. ૨-૮-૦ છે. અમારી સભામાં પણ મળી શકશે.

૧૭ થી ૨૦ **શ્રી જૈન સજ્ઝાયમાળા**—ભાગ ૧-૨-૩-૪ ની જુદી જુદી ... શા. બાલાભાઈ છગનલાલ અમદાવાદવાળા ત... ભેટ આવેલ છે. તેમાં પહેલા બે ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ૮-૯ આવૃત્તિઓ થયેલી છે. કિંમત પહેલા ભાગની રૂા. ૧ાા અને પછીના ત્રણે ભાગની બે બે રૂપીઆ રાખી છે. અનેક સજ્ઝાયોનો પ્રયાસપૂર્વક સંગ્રહ કરેલો છે. અમારી સભામાંથી પણ મળી શકશે.

**૨૧ જૈન સુબોધ ભક્તિમાળા, ૨૨ દેવકીજીના છ પુત્રોનો રાસ, ૨૩ અંજના સતીનો રાસ**—આ ત્રણ બુકો પણ તેમના તરફથીજ ભેટ મળી છે.

**૨૪ સ્તવન સજ્ઝાય સંગ્રહ**—આચાર્યશ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાળા તરફથી પ્રગટ થયેલ છે. તેના સંશોધક મુનિરાજશ્રી સાગરચંદ્રજી છે.

**૨૫ સ્વાધ્યાય પ્રકરણ રત્નો**—આ બુક પણ ઉપર જણાવેલી ગ્રંથમાળા તરફથી જ બહાર પડેલી છે. તેમાં સંવેગબત્રીશી વિગેરે ૧૪ ગુજરાતી પદ્ય પ્રકરણો અર્થ સાથે આપેલા છે. ૩૨ પેજી પૃષ્ઠ ૫૫૦ છે. સંગ્રહ સારો છે કિંમત રાખેલ નથી. પોસ્ટેજના ચાર આના મોકલવાથી મફત મળી શકે છે.

**૨૬ જૈન સિદ્ધાંત દિગ્દર્શન**—શ્રી ધૂળીયા સર્વધર્મપરિષદમાં ન્યા. વિ. ન્યા. તીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજે વાંચેલો નિબંધ માલેગામનિવાસી ભોગીલાલ દગડુશાએ પ્રગટ કરેલ છે. ટૂંકામાં જૈનદર્શનની સમજણ સારી આપી છે.

**૨૭ મુનિશ્રી મોહનલાલજી**—લેખક માવજી દામજી શાહ. ધર્મશિક્ષક બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કુલ. પાયધુની-મુંબઇ. વાંચવાલાયક છે.

**૨૮ જિનભક્તિનું સુંદર સ્વરૂપ**—સંયોજક ને લેખક રમણલાલ પાનાચંદ ગોધરા, પ્રકાશક શ્રી ઋદ્ધિવિજય જૈન પુસ્તક ભંડાર-ગોધરા. પ્રયાસ સારો કર્યો છે. પોસ્ટેજ સવા આનો મોકલવાથી ભેટ મળી શકે છે.

**૨૯ તપ વિચાર**—લેખક ધીરજલાલ ટોકરશી શાહ. જ્યોતિકાર્યાલય. અમદાવાદ. કિં. ચાર આના. બાર પ્રકારના તપનું વર્ણન તથા તે સંબંધી કેટલીક જાણવાયોગ્ય હકીકત આપીને બુકને ઉપયોગી બનાવી છે.

**૩૦ અક્ષય તૃતીયા કથા**—લેખક ધીરજલાલ ટોકરશી. કિં. સવા આનો.

**૩૧ શ્રી જૈનાગમ કથાકોષ**—લેખક ને પ્રકાશક જીવનલાલ છગનલાલ સંઘવી, પંચભાઇની પોળ, અમદાવાદ. કથાની અનુક્રમણિકા અક્ષરાનુક્રમે આપી છે. એકંદર કથાઓ ૨૪૩ છે. કિંમત સવા રૂપીઓ છે. શા. બાલાભાઇ છગનલાલ તરફથી ભેટ મળી છે. અમારે ત્યાંથી પણ મળશે. કથાઓનો સંગ્રહ કરવામાં પ્રયાસ સારો કર્યો છે, પરંતુ ટીકા વિના માત્ર સિદ્ધાંતનો આધાર લીધેલો હોવાથી સિદ્ધાંતની કેટલીક શૈલી લેખકને સમજાણી નથી તેથી સ્ખલનાઓ થઇ છે.

**૩૨ શ્રી જિતવિજયજી**—દાદાગુરુનું જીવનચરિત્ર. સંગ્રાહક મુનિ બુદ્ધિવિજયજી. પ્રકાશક શ્રી ભાભેરસંઘ. ચરિત્રનાયકનો ત્યાગ વખાણવાલાયક હતો અને કચ્છદેશમાં તેમનો ઘણો ઉપકાર છે. હજુ પણ ત્યાંના શ્રાવકો તેમને સંભારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ શ્રીબૃહત્ સંગ્રહણી પ્રકરણ. સાર્થ—કર્તા મલધારી શ્રીહેમચંદ્રસૂરિના શિષ્ય શ્રી ચંદ્રસૂરિ. ગાથા ૩૧૨. શબ્દાર્થ, ગાથાર્થ, વિવેચન સહિત. ચિત્રો ૪ ને નાનામોટા યંત્ર ૭૦ યુક્ત. ભાષાંતરકાર તેમજ પ્રકાશક શ્રાવક અમૃતલાલ પુરુષોત્તમદાસ. દોશીવાડાની પોળ-અમદાવાદ. પ્રયાસ સારો કર્યો છે. અભ્યાસ કરનારને ઉપયોગી છે. કિ. રૂ. ૧–૮–૦ પ્રાંતે એક સાથે મૂળ ગાથાઓ આપી છે ને પ્રારંભમાં અઢીદ્વીપનો નાનો નકશો આપ્યો છે.

૩૪ દિશા બદલો—શ્રીરામચંદ્રસૂરિને ઉદ્દેશીને આ બુક મુનિરાજશ્રી હંસસાગરજીએ લખીને બહાર પડાવેલ છે. આવી બુકો લખવાથી લાભ કરતાં હાનિ વિશેષ જણાય છે. લેખકે જ દિશા બદલવાની જરૂર જણાય છે.

૩૫ સાન્તૂ મહેતા—ભાગ બીજો ( ઐતિહાસિક નવલકથા ) લેખક ધીરજલાલ ધનજીભાઇ. પ્રકાશક જૈન કાર્યાલય. ભાવનગર. આનો પહેલો ભાગ અને આ બીજો ભાગ 'જૈન' પત્રની ભેટ તરીકે આપવા માટે બહાર પાડેલ છે. ખાસ વાંચવાલાયક છે. જૈનવર્ગમાં શ્રાવકો પણ મંત્રીપણું, સેનાપતિપણું અને ઊંચા પ્રકારનું વેપારીપણું તમામ કરી શકે તેવા થયેલા છે. કિંમત એક રૂપીઓ. જૈનવર્ગની પૂર્વ સ્થિતિનું સ્મરણ કરાવનાર છે.

૩૬ શ્રીરાજનગર સાધુ સંમેલન—લેખક ધીરજલાલ ટોકરશી શાહ. પ્રકાશક જ્યોતિકાર્યાલય, અમદાવાદ. આ બુકમાં ત્રણ ખંડ ( વિભાગ ) છે. પ્રથમ ખંડમાં પૂર્વ રંગ છે, બીજા ખંડમાં ૩૪ દિવસની કાર્યવાહી છે અને ત્રીજા ખંડમાં પશ્ચાદ્ અવલોકન છે. સંમેલનના વખતમાં દરેક દિવસે બહાર પાડેલા પેંફ્લેટોનો સંગ્રહ કરેલો છે. સાદ્યંત વાંચવાથી કેટલોક નવો અનુભવ મળી શકે તેમ છે. કિંમત રૂા. ૧–૮–૦ છે.

૩૭ પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ—સંગ્રાહક પંન્યાસ શ્રી તિલકવિજયજી, પ્રકાશક શ્રી ભાભેર જૈન સંઘ પુસ્તકાલય. ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો તથા પદો વિગેરેનો પુષ્કળ સંગ્રહ કર્યો છે. સોળપેજી ૪૦૦ પૃષ્ઠની પાકા પુંઠાથી બાંધેલી બુક છે. સંગ્રાહકનો પ્રયાસ સ્તુતિપાત્ર છે.

૩૮ શ્રી સુબોધ સ્તવનાવળી—પંજાબી મુનિશ્રી પ્રેમ-માનવિરચિત. સંગ્રાહક મુનિ શ્રી સંતોષવિજયજી, પ્રકાશક શ્રી ડભોડા જૈન સંઘ તરફથી શા. વાડીલાલ ડાહ્યાભાઇ. ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો, ગહુંળી વિગેરેનો સંગ્રહ છે.

૩૯ સપ્ત વ્યસન કથા સમુચ્ચય—( પ્રતાકારે ) આચાર્યશ્રી સોમકીર્તિવિરચિત સંસ્કૃત ગદ્યબંધ, સંશોધક અને પ્રકાશક પંડિત મફતલાલ ઝવેરચંદ-અમદાવાદ. કિં. રૂા. ૨–૦–૦ સાત વ્યસન ઉપર જુદી જુદી સાત કથાઓ વ્યાખ્યાન વિગેરેમાં ખાસ વાંચવા લાયક છે. સુમારે બે હજાર શ્લોકપ્રમાણ છે.

૪૦ શ્રી વિપાકસૂત્ર—(પ્રતાકારે) મૂળ, છાયા અને શ્રી અભયદેવસૂરિકૃત ટીકાયુક્ત સંશોધક શ્રી વિજયપ્રતાપસૂરિ. પ્રકાશક શ્રીમન્મુક્તિ-કમળ-મોહનમાળા, કોઠીપોળ-વડોદરા. પંન્યાસશ્રી માણેકવિજયજીના પંન્યાસપદવીપ્રદાન પ્રસંગે વેંચવાથી ભેટ મળી છે. પ્રયાસ અનુકરણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૩ ના વૈશાખ માસની પત્રિકા નં. ૩૯

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન, આયંબિલની તપશ્ચર્યા, વરસીતપના પારણાની શ્રી સિદ્ધાચળજીની યાત્રા તથા શ્રી સિદ્ધાચળજીની વર્ષગાંઠને દિવસે બધા વિદ્યાર્થીઓ શ્રી સિદ્ધાચળજી ઉપર યાત્રાએ ગયા હતા. ઉજમબાઇની પાઠશાળામાં અઠ્ઠાઇમહોત્સવ ઉપર બધા વિદ્યાર્થીઓ દર્શનાર્થે ગયા હતા વિગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ થઇ હતી.

**મેટ્રિકની પરીક્ષાનું પરિણામઃ**—મુંબઈ યુનિવરસીટીની લેવાયેલી મેટ્રિકની પરીક્ષામાં માર્ચ માસમાં ૧ વિદ્યાર્થી તથા એપ્રીલમાં ચાર વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાંથી ૧ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયો છે.

**વિવાદ સભાઓઃ**—

**અંગ્રેજી** 1 Biography of Vicar of Wakefield.
2 Village Life.

**ગુજરાતીઃ**—શ્રી હરભાઇના પ્રમુખપણા નીચે ભરાયેલી જાહેર સભામાં વિદ્યાર્થીઓ ગયા હતા.

**પર્યટનઃ**—સંસ્થાના સુપરિન્ટેન્ડન્ટ સાથે ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓ શ્રી વીરચંદ પાનાચંદ હસ્તક ચાલતી ગ્રામ્યસમિતિનું અવલોકન કરવા સમઢીયાળા ગયા હતા. ત્યાં વિદ્યાર્થીઓ ચાર દિવસ રહ્યા. દરમ્યાન ખૂબ અવલોકન કર્યું હતું. રસ્તામાં બોટાદ, જસદણ, વીંછીયા, ઘેલાસોમનાથ, સારંગપુર વિગેરે સ્થળો જોયા હતા.

**વૈશાખ માસની આવકઃ**—

| | |
|---|---|
| ૧૩૯-૧૨-૦ | શ્રી નિર્વાહ ફંડ ખાતે. |
| ૧૦૬-૦-૦ | શ્રી ભોજન ફંડ ખાતે. |
| ૧-૦-૦ | શ્રી દેરાસરજી ખાતે. |
| ૨૪૬-૧૨-૦ | |

**મુલાકાતોઃ**—શેઠ જેસંગભાઇ છગનલાલ અમદાવાદ, શેઠ જસુભાઇ ચમનલાલ અમદાવાદ, શેઠ ચંદુલાલ છગનલાલ સુરત, ચંદનબેન વિજાપુર, શેઠ સોજપાલ કાનજી કચ્છ ગઢસીસી, શેઠ સોજપાળ દેવજી કચ્છ–મકડા, શેઠ સારાભાઇ મગનલાલ અમદાવાદ, શેઠ ચીમનલાલ ફૂલચંદ અમદાવાદ, શેઠ મથુરદાસ ભગવાન ભાવનગર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શા. ચુનીલાલ વીરચંદ રાધનપુર, શેઠ ભોગીલાલ લલ્લુભાઈ મુંબઈ, શેઠ ફતેચંદ વીઠ્ઠલદાસ ભાવનગર, શેઠ સારાભાઈ શિવલાલ રાધનપુર, શેઠ માણેકલાલ સોમાભાઈ અમદાવાદ, શેઠ ચંદુલાલ ભાઈચંદ અમદાવાદ, શેઠ જસરાજ પરશોતમ કચ્છ-માંડવી, શા. મગનલાલ દુલભજી શીખલી, શા. વીરચંદ લક્ષ્મીચંદ અમદાવાદ, બેન ચંચળબેન પાટણ, શેઠ હીરાલાલ દલસુખભાઈ ખંભાત.

**વેકેશનઃ—**ઉનાળામાં દોઢ માસની રજાઓ પડતા વિદ્યાર્થીઓ પંદર દિવસ પોતાના વતનમાં ગયા હતા.

**ભેટઃ—**શ્રી ઝાલાવાડ મેડીકલ સ્ટોર હા. શેઠ રાઘવજી ડુંગરશી વઢવાણકેમ્પ થરમોમીટર ૧, બીરેઝીગા રતલ ૧, કેસ્ટર ઓઇલ રતલ ૧ા, સુદર્શન બા. ૪ હીંગાષ્ટક બા. ૪, ત્રિફળા બા. ૪, સીતોપલાદી બા. ૪, ટી. આયોડીન શેર ૨, પો. પરમેગેનેટ રતલ ૧, પો. ક્લોરસ લો રતલ ૧, હાઇડ્રોજન પે. બા. ૧, પેઈનકીલર બા. ૨, જીવન મીક્ષ્ચર બા. ૨, અનડાઇન ૧.

| | | |
|---|---|---|
| બાઇ કેશરી | ગામ ગવરી | સાકર શેર ૧૫ |
| બાઇ જેઠી | ગામ પાદડી | સાકર શેર ૧૦ |
| શા વાડીલાલ મગનલાલ | અમદાવાદ | ખમીશ નં. ૮ |
| શા. મફતલાલ ફુલચંદ | ,, | ઘઉં મણ ૪), ચોખા મણ ૨) તુરદાળ મ. ૧) |

**મિષ્ટ ભોજનઃ—**

| | | | |
|---|---|---|---|
| શેઠ હીરાચંદ ભાયચંદ | જુન્નેર | વૈશાખ | શુદિ ૧ |
| શેઠ જેઠાભાઈ ધરમશી | પોરબંદર | ,, | શુદિ ૧૧ |
| શેઠ પ્રેમચંદ રતનશી | ભાવનગર | ,, | વદિ ૧ |
| શેઠ મણિલાલ ઉગરચંદ | અમદાવાદ | ,, | વદિ ૩ |
| મોદી ભીખાલાલ મોતીચંદ | પાલીતાણા | ,, | વદિ ૪ |
| શેઠ જેસંગભાઇ સારાભાઈ | અમદાવાદ | ,, | વદિ ૯ |
| શેઠ વાડીલાલ સારાભાઇ | અમદાવાદ | ,, | વદિ ૦)) |

**જરૂરીયાતોઃ—**સમાજના દાનવીરોને સંસ્થાની નીચે મુજબ જણાવેલ જરૂરીયાતો પૂરી પાડવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

૧. સ્વામિવાત્સલ્યની કાયમી તિથિ નોંધાવી આ પવિત્ર ભૂમિમાં આપનું નામ અમર કરો.

૨. દહેરાસરજી તથા લાયબ્રેરી માટે કબાટોની ખાસ આવશ્યકતા છે.

૩. સંસ્થા માટે એક સ્વતંત્ર વ્યાયામશાળાની ખાસ જરૂર છે તે માટે વ્યાયામપ્રેમી ઉદાર ગૃહસ્થોને પોતાના હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સમવાયાંગ સૂત્ર ( ચતુર્થ અંગ )

મૂળ, મૂળનો અર્થ, ટીકાનો અર્થ–એ રીતે પ્રથમ શ્રી ઉત્તરાધ્યયન, જ્ઞાતા-કથા વિગેરે સૂત્રો અમે બહાર પાડ્યા છે તે જ રીતે બહાર પાડવા માટે શરૂ કરવામાં આવે છે. થોડા વખતમાં છપાવવાનું કામ શરૂ થવા સાથે જેમ બને વેળાસર બહાર પાડવાની ઇચ્છા છે. આ સૂત્ર બીજા પ્રથમના ત્રણ અંગોના સમુમાં કાંઇક સહેલું છે. દ્રવ્યાનુયોગ વિગેરેના અભ્યાસીને તેમજ ઇચ્છકને ઉપયોગી થાય તેમ છે. તે પ્રથમના સૂત્રો પ્રમાણે જ પ્રતાકારે તેવા જ કાગળ ટાઇપમાં છપાવવાનું છે. કોઇ ગૃહસ્થને સહાય આપવા ઇચ્છા હશે તો તે સ્વીકારવામાં આવશે તમજ તેમની ઇચ્છાનુસાર ફોટો વિગેરે આપવામાં આવશે. ઇચ્છા થાય તેમણે અમને લખવું. પ્રથમ ગ્રાહક થવા ઇચ્છનાર માટે રૂા ૧ાા ...થી રૂા ૨) અથવા તેથી વધારે ફારમોના પ્રમાણમાં રાખવામાં આવશે. આવા અપૂર્વ સૂત્રોનો સામાન્ય કિંમતે લાભ મળે તે ઘેર બેઠાં ગંગા મળ્યા બરાબર છે. ગણધર મહારાજાની વાણીનો આ પ્રત્યક્ષ નમૂનો છે.

---

## ખાસ ખરીદવા લાયક પુસ્તકો.

| | |
|---|---|
| શ્રી ધર્મરત્ન પ્રકરણ ભાગ પહેલો ને બીજો. દરેકના | ૨–૦–૦ |
| શ્રી હરિવિક્રમ ચરિત્ર પદ્યબંધ સંસ્કૃત. | ૨–૦–૦ |
| શ્રી પાંડવચરિત્ર ( મલ્લધારી દેવપ્રભસૂરિકૃત ) ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| શ્રી ઉપાસગદશાંગ સૂત્ર મૂળ, મૂળનો અર્થ ને ટીકાનો અર્થ | ૨–૦–૦ |
| શ્રી શાંતસુધારસ ભાષાંતર. વિવેચન યુક્ત. ભાગ ૧ લો ( લે. મૌક્તિક ) | ૧–૦–૦ |
| શ્રી ચોસઠપ્રકારી પૂજા અર્થ વિવેચન કથાઓયુક્ત | ૧–૦–૦ |
| શ્રી જ્ઞાતાધર્મકથાસૂત્ર મૂળ. મૂળ ને ટીકાનો અર્થ. ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| શ્રી અંતગડદશાંગ તથા અનુત્તરોવવાઇ સૂત્ર મૂળ–અર્થયુક્ત | ૧–૮–૦ |
| શ્રી નિરયાવલી સૂત્ર ( પાંચ ઉપાંગ ) મૂળ અર્થ વિગેરે યુક્ત | ૧–૮–૦ |
| શ્રી તપગચ્છશ્રમણવંશવૃક્ષ. અનેક હકીકતોથી ભરપૂર | ૧–૦–૦ |
| શ્રી બૃહત્સંગ્રહણી પ્રકરણ. મૂળ–અર્થ–વિવેચનયુક્ત | ૧–૦–૦ |
| શ્રી હેમચંદ્રાચાર્યચરિત્ર ( લેખક–મૌકિતક ) | ૦-૧૨-૦ |
| શ્રી વર્ધમાનદેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે. ભાગ ૧ લો. રૂા. ૩) ભાગ ૨ જો રૂા. ૨) | |
| સુભાષિતપદ્યરત્નાકર. અર્થસહિત ભાગ ૧–૨ દરેકનો | ૧–૪–૦ |
| પ્રકરણરત્નસંગ્રહ ( પંદર પ્રકરણો સાર્થ ) | ૧–૪–૦ |

---

## તૈયાર થાય છે.

૧ જૈન ગણિત વિચાર. ( અત્યારસુધીમાં નહીં છપાયેલ )
૨ પંચસંયત પ્રકરણ. ( ગુજરાતી ભાષામાં પ્રશ્નોત્તરરૂપે )
૩ શ્રી આત્મપ્રબોધ ગ્રંથ. સંસ્કૃત ગદ્યબંધ ( પ્રતાકારે )
૪ શ્રી શ્રીચંદ્ર કેવળી ચરિત્ર સંસ્કૃત પદ્યબંધ ( ,, )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B.

## નીચે જણાવેલા તમામ પુસ્તકો શ્રી જૈનધર્મ પ્રસારક સભામાંથી મળી શકશે.

૧ શ્રીદશવૈકાલિક સૂત્ર (શ્રીજિનદાસગણિકૃત ચૂર્ણિ, શ્રીભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુક્ત) ૪-૦
૨ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ( શ્રી જિનદાસગણિકૃત ચૂર્ણિયુક્ત ) ૪-૦
૩ શ્રી લલિતવિસ્તરા ( શ્રી હરિભદ્રસૂરિકૃત ) સટિપ્પન ૦-૧૦
૪ તત્ત્વતરંગિણી ( ઉ. ધર્મસાગરજીકૃત ) તિથિનિર્ણય ૦-૮
૫ બૃહદ્ સિદ્ધપ્રભા વ્યાકરણ ૨-૮
૬ મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ ૦-૧૦
૭ શ્રી આચારાંગસૂત્ર વૃત્તિઃ ( શીલાંકાચાર્યકૃત ) [ ભાગ ૧ લો, ૨ જો. સંપૂર્ણ ] ૭-૦
૮ શ્રી ભગવતીસૂત્ર (શ્રી દાનશેખરસૂરિકૃત ટીકાયુક્ત) ૫-૦
૯ પુષ્પમાળા ( ઉપદેશમાળા ) મલધારી શ્રી હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત ૬-૦
૧૦ શ્રી તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ( હારિભદ્રી ટીકાયુક્ત ) ૬-૦
૧૧ પર્યુષણા દશશતક સટીક ( ઉ. ધર્મસાગરગણિવિરચિત ) ૦-૧
૧૨ બુદ્ધિસાગર ( સોની સંગ્રામસિંહવિરચિત ) ૦-૬
૧૩ શ્રી વિશેષાવશ્યક સૂત્ર ભાગ ૧ લો. ( કોટ્યાચાર્યકૃત ટીકાયુક્ત ) ૫-૦
૧૪ ,, ભાગ ૨ જો. ,, ૫-૦
૧૫ ભવભાવનાવૃત્તિઃ ભાગ ૧ લો. ( મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) ૩-૦
૧૬ ,, ભાગ ૨ જો. ,, ૩-૦
૧૭ કલ્પકૌમુદી-કલ્પસૂત્ર ટીકા ( ઉ. શાંતિસાગરવિરચિત ) ૨-૦
૧૮ ષોડશક પ્રકરણ ( હરિભદ્રસૂરિવિરચિત-યશોભદ્રસૂરિપ્રણીત વૃત્તિયુક્ત ) ૧-૦
૧૯ ષડાવશ્યક સૂત્રાણિ ( નવીન સાધુયોગ્ય ) ૦-
૨૦ ઉત્પાદાદિ સિદ્ધિઃ ( શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) ૨-
૨૧ શ્રી વર્ધમાન દેશના. સંસ્કૃત ગદ્યબદ્ધ ( રાજકીર્તિગણિવિરચિત ) ૨-
૨૨ શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ ( હારિભદ્રી વૃત્તિયુક્ત ) ૧-
૨૩ શ્રી અનુયોગદ્વાર ચૂર્ણિ ,, ૨-
૨૪ શ્રી ભગવતી સૂત્ર. ભાષાંતરયુક્ત ભાગ ૧ લો. શતક ૩ (પંડિત હીરાલાલ હંસરાજ) ૨-
૨૫ શ્રી જ્યોતિષ કરંડક પ્રકીર્ણક સટીક ( મલયગિરિજીકૃત ટીકાયુક્ત ) ૩-
૨૬ પંચવસ્તુક ગ્રંથ ( શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) ૩-
૨૭ વિચારરત્નાકર ( ઉ. કીર્તિવિજયજીકૃત ) ૩-
૨૮ પ્રવચનસારોદ્ધાર-ભાગ ૨ જો. (શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાયુક્ત) ૪-
૨૯ શ્રી પુંડરીક ચરિત્ર સંસ્કૃત પદ્યબંધ (શ્રીકમળપ્રભાચાર્યવિરચિત ) ૫-
૩૦ શ્રી પુંડરીક ચરિત્ર ભાષાંતર ૩-
૩૧ શ્રી ધન્નાશાલિભદ્ર ચરિત્ર. ( શ્રી પૂર્ણભદ્રગણિકૃત ) ૧-
૩૨ શ્રી વિપાકસૂત્ર (શ્રી અભયદેવસૂરિકૃત ટીકાયુક્ત) ૬-

મુદ્રક-શાહ ગુલાબચંદ લલ્લુભાઈ. શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only